Rs.5/-
Shree Swaminarayan (Gujarati Monthaly)

# શ્રી સ્વામિનારાયણ માસિક

પ્રકાશન દર માસની ૧૧ તારીખે ● સળંગ અંક ૧૯૯ ● ફેબ્રુઆરી ૨૦૨૪
Volume no. 18, Issue No. 199 February 2024



કાલુપુર મંદિરના પ્રસાદીનાં ચોકમાં
રામ મંદિર પ્રતિષ્ઠા વિધિની ઉજવણી પ્રસંગે
ભગવાન શ્રી રામની આરતી ઉતારતા
શ્રીહરિના ત્રણેય અપર સ્વરૂપો

પ્રકાશક: શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર,અમદાવાદ-૧
Publisher: Shree Swaminarayan Temple, Ahmedabad- 380001





અમદાવાદ શ્રી નરનારાયણદેવ દેશના સંયુક્ત શાકોત્સવની આમંત્રણ પત્રિકા શ્રી નરનારાયણદેવ સમક્ષ લખતાં પ.પૂ.મોટા મહારાજશ્રી સાથે અમદાવાદ મંદિરના મહંત સ્વામી તથા અમદાવાદ દેશના અગ્રણી સંતો-મહંતો





લીલાપુર (ચંદ્રગઢ) ગામે નૂતન મંદિરમાં મૂર્તિ પ્રતિષ્ઠા કરતા તથા સભામાં આશીર્વાદ આપતા પ.પૂ. આચાર્ય મહારાજશ્રી





શીયાણી (ઝાલાવાડ) ગામે સભામાં આશીર્વાદ પાઠવતા પ.પૂ.લાલજી મહારાજશ્રી

મોટેરા મંદિરના પાટોત્સવ પ્રસંગે ઠાકોરજીની આરતી ઉતારતા પ.પૂ.લાલજી મહારાજશ્રી



કુહા (દસક્રોઈ) ગામે પાટોત્સવ પ્રસંગે સભામાં દર્શન આપતા પ.પૂ.લાલજી મહારાજશ્રી

# શ્રી સ્વામિનારાયણ

**શ્રી નરનારાયણદેવ પીઠસ્થાન મુખપત્ર**





**વર્ષ - ૧૭ (મૂળ વર્ષ ૫૭) ● અંક : ૧૯૯ ● ફેબ્રુઆરી-૨૦૨૪**





**સંસ્થાપક**

પ.પૂ.મોટા મહારાજશ્રી
શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી
શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ
નારણપુરા, અમદાવાદ-૩૮૦ ૦૧૩.
ફોન : ૨૭૪૮૯૫૯૭,૨૭૪૯૯૫૯૭
www.swaminarayanmuseum.in

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ
પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮
શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી

**તંત્રી શ્રી**

શાસ્ત્રી સ્વામી પુરૂષોતમપ્રકાશદાસજી (મહંત સ્વામી)
Mo. : 9313719232

**પત્રવ્યવહાર**

શ્રી સ્વામિનારાયણ માસિક કાર્યાલય
શ્રી સ્વામિનારાયણ મંદિર,
કાલુપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧.
Mo. : 9313706095
magazine@swaminarayan.in
www.swaminarayan.in

**એડ્રેસમાં ફેરફાર કરવા**

E-mail : magazine@swaminarayan.in

**લવાજમ**

વાર્ષિક : રૂા. ૫૦-૦૦ ● છુટક નકલ રૂા. ૫-૦૦


## અ નુ ક્ર મ ણિ કા


| | | |
|---|---|---|
| ૦૧. | અસ્મદીયમ્ | ૦૪ |
| ૦૨. | પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી, પ.પૂ. લાલજી મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ | ૦૫ |
| ૦૩. | શ્રીહરિ સ્થાપિત નવ મંદિરો પૈકી પંચમ મંદિર જેતલપુરધામ | ૦૬ |
| ૦૪. | ધનુર્માસ-સફલા એકાદશી પદયાત્રા પ્રસંગે આશીર્વચન | ૦૮ |
| ૦૫. | શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમના દ્વારેથી | ૧૦ |
| ૦૬. | ભક્તિસુધા | ૧૫ |
| ૦૭. | સત્સંગ સમાચાર | ૧૭ |

# અસ્મદીયમ્

વ્હાલા ભક્તો ! શાંત ચિત્તે જીવનને જોવા જેવું છે. સરખી રીતે જોઈએ તો ખ્યાલ આવે કે આપણું જીવન ઈચ્છાઓ, મહત્વકાંક્ષાઓ અને અપેક્ષાઓથી ભરેલું છે. જો તે હટી જાય તો, એટલે કે સંકલ્પો-વિકલ્પો સમી જાય તો જ આત્મદર્શન થાય.

મૃત્યુ ક્યારે આવી પહોંચશે તે નક્કી નથી. એ ગમે ત્યારે ટપકી પડવાનું છે, તો પછી ? ભગવાન ભજી લેવાના છે. મારા ભઈ ! સુખ-દુઃખના દાતા સ્વામિનારાયણ ભગવાન છે. એમના સિવાય બીજું કોઈ કર્તા-હર્તા નથી. એમ વિચારી મનમાંથી નકામા વિચારો કાઢી નાખી ચોખ્ખું કરવાનું છે.

ઉત્સવ-સમૈયા અને શાકોત્સવ જેવા પ્રસંગોને યાદ કરી કેમ જીવવું એ બરાબર આવડી જાય તો આપણો બેડો પાર છે. વચનામૃત-શિક્ષાપત્રી આપણા માર્ગદર્શક છે. એ ફક્ત વાંચી જવાના નથી પણ પચાવવાના છે. રોજે રોજ આપણો ટેસ્ટ કરવાનો છે. અને આપણી સ્થિતિ ચકાસવાની છે. આપણે સૌ સંતો અને હરિભક્તોએ ભગવાનની પ્રસન્નતાને અર્થે ભગવાનની ભક્તિ કરવાની છે અને વર્તમાન પાળવાનો ખટકો રાખવાનો છે. સૌને અમારા હેત પૂર્વક જયશ્રી સ્વામિનારાયણ.

તંત્રીશ્રી (મહંત સ્વામી)
શાસ્ત્રી પુરૂષોતમપ્રકાશદાસના
જયશ્રી સ્વામિનારાયણ



શ્રી સ્વામિનારાયણ

## પ.પૂ.ધ.ધુ.આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ (જાન્યુઆરી-૨૦૨૪)

૬ ઈશ્વરપુરા (બદપુરા) ગામે કથા પારાયણ પ્રસંગે પધરામણી.

૭ એકાદશીના ધનુર્માસ ધૂન પ્રસંગે અમદાવાદ દેશના શહેર અને પરા વિસ્તારના હરિભક્તોની પદયાત્રા નિમિત્તે કાલુપુર શ્રી સ્વામિનારાયણ મંદિર પધરામણી.

૧૨ બાલવા ગામે પારાયણ-શાકોત્સવ પ્રસંગે પધરામણી.

૧૪ શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર ધનુર્માસ ધૂનની પૂર્ણાહુતિ પોતાના વરદ્ હસ્તે કરી તથા શ્રી નરનારાયણદેવ સન્મુખ શ્રીરામ જન્મ ભૂમિ આમંત્રણ પત્રિકા વિશ્વ હિન્દુ પરિષદ અને આર.એસ.એસ.ના કાર્યકર્તાઓએ પ.પૂ. મહારાજશ્રીને અર્પણ કરી.

૧૮ શ્રી સ્વામિનારાયણ મંદિર લીલાપુર ગામે (તા. લખતર) (મૂળી પ્રદેશ) મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા પોતાના વરદ્ હસ્તે સંપન્ન થઈ.

૨૦ શ્રી સ્વામિનારાયણ નૂતન મંદિર માનસર ગામે (તા. હળવદ-મૂળી પ્રદેશ) મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા પોતાના વરદ્ હસ્તે સંપન્ન થઈ.

૨૨ શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર અમદાવાદ દ્વારા આયોજીત શ્રીરામ જન્મ ભૂમિ પ્રતિષ્ઠાના ઉપલક્ષમાં ભજન-કીર્તન-સંધ્યાની પૂર્ણાહુતિની આરતી પોતાના વરદ્ હસ્તે સંપન્ન થઈ.

૨૫ શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર પૂનમની સત્સંગ સભામાં પધાર્યા.

૨૮ શ્રી નરનારાયણદેવ દેશનો સંયુક્ત શાકોત્સવ પોતાના સાંનિધ્યમાં ''પર્વ'' ગ્રાઉન્ડમાં ઉજવાયો.



## પ.પૂ. લાલજી મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ (જાન્યુઆરી-૨૦૨૪)

૭ એકાદશીના ધનુર્માસ ધૂન પ્રસંગે અમદાવાદ દેશના શહેર અને પરા વિસ્તારના હરિભક્તોની પદયાત્રા નિમિત્તે કાલુપુર શ્રી સ્વામિનારાયણ મંદિર પધરામણી.

૧૨ કુબડથલ ગામે શાકોત્સવ પ્રસંગે પધરામણી.

૧૪ શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર ધનુર્માસ ધૂનની પૂર્ણાહુતિ પોતાના વરદ્ હસ્તે કરી તથા શ્રી નરનારાયણદેવ સન્મુખ શ્રીરામ જન્મ ભૂમિ આમંત્રણ પત્રિકા વિશ્વ હિન્દુ પરિષદ અને આર.એસ.એસ.ના કાર્યકર્તાઓએ પ.પૂ.મ હારાજશ્રીને અર્પણ કરી.

૨૨ શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર અમદાવાદ દ્વારા આયોજીત શ્રીરામ જન્મભૂમિ પ્રતિષ્ઠાના ઉપલક્ષમાં ભજન-કીર્તન-સંધ્યાની પૂર્ણાહુતિની આરતી પોતાના વરદ્ હસ્તે સંપન્ન થઈ.

૨૫ શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર પૂનમની સભામાં પધાર્યા.

૨૮ શ્રી નરનારાયણદેવ દેશનો સંયુક્ત શાકોત્સવ પોતાના સાંનિધ્યમાં ''પર્વ'' ગ્રાઉન્ડમાં ઉજવાયો.

શ્રી સ્વામિનારાયણ



# શ્રીહરિ સ્થાપિત નવ મંદિરો પૈકી પંચમ મંદિર જેતલપુરધામ

- સાધુ પુરૂષોત્તમપ્રકાશદાસ (જેતલપુરધામ)

ભગવાન શ્રી સ્વામિનારાયણ આ પૃથ્વી ઉપર ૪૯ વર્ષ, ૨ માસ અને ૧ દિવસ રહ્યા. આટલા ટૂંકા ગાળામાં શ્રીહરિએ નવ નવ મહામંદિરો બંધાવી તેમાં દેવોની સ્થાપના કરી. આ પૈકી પંચમ મંદિર જેતલપુરધામના શાસ્ત્રોક્ત પ્રમાણો આ પ્રમાણે છે.

**● સ.ગુ. શતાનંદ સ્વામી રચિત શ્રીમદ્ સત્સંગિજીવન ગ્રંથ - પ્રકરણ-૪, અધ્યાય-૮૦, શ્લોક ૧ થી ૮.**

સુવ્રતમુનિ બોલ્યા : હે પ્રતાપસિંહ રાજન્ ! ફાગણ વદી પાંચમના રોજ ભોજન પછી આનંદમુનિ શ્રીહરિ મહાપ્રભુને કહેવા લાગ્યા. હે પ્રભો ! જેતલપુરમાં કૃષ્ણ મંદિર તૈયાર થઈ ગયું છે. તે નિશ્ચિત વાત છે. (૧) હે રાજન્ ! આ પ્રમાણે શ્રી આનંદમુનિએ કહેલા શ્રીહરિ પ્રસન્ન થઈ ગયા અને છઠ્ઠના દિવસે પ્રાતઃકાળે સંગવકાળમાં જ જેતલપુર પહોંચ્યા. ત્યારે પુરવાસીજનો શ્રીહરિનું સ્વાગત કરવા વાજિંત્રો સહિત સન્મુખ ગયા. (૨) બીજા બધા મંદિરો કરતા ઘણી શોભાવાળું વિલક્ષણ મંદિર જોઈ સંતુષ્ટ થયા અને આનંદમુનિના ખૂબ વખાણ કરવા લાગ્યા. (૪) પછી મહાપ્રભુએ તે મંદિરમાં આઠમના દિવસે બ્રાહ્મણોએ કહેલા મુહૂર્તમાં રેવતી સહિત બળરામ અને હરિકૃષ્ણની પોતે જ પ્રતિષ્ઠા કરી. (૫)

कृष्णं रामं च रेवत्यासह तत्र ततो हरिः,

अष्टम्यां ब्राह्मणैसकते मुहूर्तेऽस्थापयत्स्वयम्

(સ.જી. ૪/૮/૫)

અગાઉ જેમ શ્રીનગરમાં શ્રી નરનારાયણદેવની પ્રતિષ્ઠા સમયે શ્રીહરિએ જેવો ઉત્સવ કર્યો હતો તેવો જ ઉત્સવ જેતલપુરધામમાં પણ કર્યો. (૬)

**● વચનામૃત - જેતલપુર-૨**

સંવત ૧૮૮૨ ના ચૈત્ર સુદિ ચતુર્થીને દિવસ સ્વામી શ્રી સહજાનંદજી મહારાજ ગામ શ્રી જેતલપુર મધ્યે સંધ્યા સમે શ્રી બલદેવજીના મંદિરના ચોક વચ્ચે ઢોલીયો બિછાવ્યો હતો તે ઉપર વિરાજમાન હતા અને સર્વે શ્વેત વસ્ત્ર ધારણ કર્યા હતા.

**● સ.ગુ. વાસુદેવાનંદ વર્ણી રચિત શ્રીમદ્ સત્સંગિભૂષણ - (અંશ-૪, અધ્યાય-૪૨, શ્લોક ૨૬ થી ૩૫)**

શ્રી વ્યાપકેશમુનિ કહે છે - હે જ્યેષ્ઠજીત રાજન્ ! શ્રીહરિ શ્રી નરનારાયણદેવને નમસ્કાર કરી ઘોડે સવાર થયા. આસ્ટોડિયા દરવાજેથી નીકળી ચંડોળા તળાવ આવ્યા. ત્યાંથી અસલાલી પધાર્યા. ગામની સમીપે આંબાવાડિયામાં થોડીવાર બેઠા. જેતલપુરના આશજીભાઈ આદિક ભક્તો ઢોલ-નગારા વગેરે લઈ સામા આવ્યા. જેતલપુર પહોંચી પોતાના નવા મંદિરે જ ઉતર્યા. મંદિરનું નિરીક્ષણ કર્યું. સર્વ મંદિરો કરતા આ મંદિર અધિક સુંદર હોવાથી રાજી થયા. આનંદમુનિની પ્રશંસા કરી. ભૂદેવોએ ફાગણ વદ અષ્ટમીનું મુહૂર્ત કાઢી આપ્યું હતું તે દિવસ શુભ ઘડીએ રેવતી, બળદેવ અને હરિકૃષ્ણ મહારાજની ધામધૂમ પૂર્વક સ્થાપના કરી. ખૂબ ઘી સાકર નાખેલ લાડુ હજારો બ્રાહ્મણો, સંતો અને બીજા ભિક્ષુકોને જમાડ્યા.

**● સ.ગુ. ભૂમાનંદ સ્વામી રચિત શ્રી ઘનશ્યામ લીલામૃત સાગર (તરંગ-૮૦, કડી ૨૯-૩૬)**

-: ચોપાઈ :-

તે સમે આનંદાનંદ સ્વામી, કહે શ્રીહરિને કરભામી ।
જેતલપુરે થયું મંદિર, ત્યાં પધારોજી શ્યામ સુંદિર ॥૨૯॥
અષ્ટમીને દિને અતિ શુધ્ધ, તે વિષે પધરાવ્યા વિબુધ ।
મધ્ય મંદિરમાં તતખેવ, સ્થાપ્યા રેવતી ને બલદેવ ॥૩૨॥
જોડે પોતાની મૂર્તિ સારી, તેનું સ્થાપન કર્યું મુરારી ।
દક્ષિણ બાજુ મંદિર વિષે, રાધાકૃષ્ણ સ્થાપ્યા છે તે વિષે ॥૩૩॥
ડાબી બાજુનું મંદિર જ્યાંય, સુખશય્યા કરી છે તે માંય ।
એમ સ્થાપના કરી મુરારી, પછે દેવની આરતી ઉતારી ॥૩૪॥
વળી પોતાનું તેજ અપાર, મૂર્તિઓમાં મુક્યુ તેણીવાર ।

પૂર્ણાહુતિ કરી છે ત્યાં પ્રીતે, વિપ્રોને જમાડ્યા રૂડી રીતે ॥૩૫॥

**(તરંગ-૧૦૧, કડી-૪૦)**

સ્થાપ્યા જેતલપુર મોઝાર, રેવતી બળદેવ મુરાર ॥૪૦॥

**● સ.ગુ. મહાનુભાવાનંદ સ્વામી રચિત શ્રીહરિકૃષ્ણ લીલામૃત - (અધ્યાય-૯૯, શ્લેક ૩૨ થી ૩૬)**

આ જ સમયમાં જેતલપુરથી આનંદાનંદ સ્વામી આવ્યા. તેમણે શ્રીજી મહારાજને કહ્યું. જેતલપુરમાં મંદિર તૈયાર થઈ ગયું છે. પ્રથમ ત્યાં પ્રતિષ્ઠા કરીને પછી ધોલેરા પધારો. શ્રીહરિ વડતાલ - મહેમદાવાદ થઈ જેતલપુર પધાર્યા. ત્રણ શિખરનું મનોહર મંદિર જોઈ ઘણા પ્રસન્ન થયા. ફાગણ વદ આઠમના દિવસે વિદ્વાન બ્રાહ્મણોની પાસે વેદ મંત્રોચ્ચાર સાથે વૈદિક વિધિથી મૂર્તિઓની પ્રાણ પ્રતિષ્ઠા વિધિ કરાવ્યો.

ततोऽष्टम्यादिने स्वामी समुहुर्त्तेह्यतीष्ठपत ।

रेवतीयुक्तराम च स्वमूर्तितत्र मंदिरे ॥३५॥

શુભ મુહૂર્તમાં રેવતી બળદેવજી અને પોતાની હરિકૃષ્ણ નામની મૂર્તિની સ્થાપના કરી તે મૂર્તિઓની પોતે આરતી ઉતારી.

**● સ.ગુ. પ્રસાદાનંદ સ્વામીનો ગ્રંથ શ્રીસ્વામિનારાયણ વિચરણ લીલામૃત (વિશ્રામ-૧૦૪)**

(સંક્ષિપ્ત અસલાલી ગામથી જેતલપુર આવ્યા. ગામમાંથી સામૈયું આવ્યું તે વાજતે ગાજતે મંદિરમાં પધાર્યા. મંદિર જોઈને રાજી થયા ને કોળીમાં (દેવ અને ઘુંમટની વચ્ચેના જાળીની અંદરના ભાગમાં) આવીને બિરાજ્યા. પછી ગંગામા અને ગામના સત્સંગી કહે 'મહારાજ સામાન તૈયાર છે, તે મૂર્તિઓ પધરાવો.'' મહારાજ કહે ગોપાળાનંદ સ્વામી અને આનંદ સ્વામીને બોલાવો. પછી તે આવીને પગે લાગીને ઉભા. ત્યારે મહારાજ કહે ''મંદિર ધીરે ધીરે થાશે ને મૂર્તિઓ તો પધરાવીએ.''

પછી વેદિકા કરાવીને આડા વાંસ બંધાવ્યા. ને મૂર્તિઓ લાવ્યા.... ને ઢોલ, શરણાઈઓ ને ચોઘડિયા વાગી રહ્યા છે. ને મૂર્તિઓ મંદિરમાં લાવ્યા. ને વેદધ્વનિ થઈ રહી છે. મહારાજ પણ કોળીમાં ઉભા ને મૂર્તિઓ મંદિરમાં સ્થાપન કરી. ને તેના નામ રેવતી, બળદેવજી ને હરિકૃષ્ણજી. પછી વસ્ત્ર, ઘરેણાને ફૂલના હાર પહેરાવી આરતી ઉતારી. પછી મહારાજ કહે કળશ ને ધજા કોણ ચડાવે છે ? ત્યારે આશજીભાઈ ને ગંગામા કહે ''અમે ચડાવશું ને રૂપિયા એક હજાર દેશું.''

**● સ.ગુ. કૃષ્ણાનંદ સ્વામી રચિત શ્રીહરિચરિત્રામૃતમ્ (અધ્યાય-૬૨, કડી- ૧૫-૧૮)**

સુણો આનંદ સ્વામી સુજાણ, પુર જેતલધામ પ્રમાણ ॥૧૫॥
કરો મંદિર મોટુ અપાર, જાણે જકતમાં સહુ નરનાર ।
રાજી થઈ સ્વામી ગયા પોતે, કર્યું ધામ ભારે જગ જોતે ॥૧૬॥
નાથ જોઈ રાજી થયા મન, સ્થાપ્યા દેવ થઈને મગન ।
રેવતી ને બળદેવ નામ, જાણો સુવાસી પ્રતાપરામ ॥૧૭॥
ત્રીજી મૂર્તિ પોતાની નાથ, હેતે કરી પધરાવી હાથ ।
વેદ શાસ્ત્ર પ્રમાણે કરીને, પધરાવ્યા ભાવ ભરીને ॥૧૮॥

**● સ.ગુ. વૈષ્ણવાનંદ સ્વામી રચિત શ્રીહરિલીલાસિંધુ (રત્ન-૧૪, તરંગ-૪૩)**

(સંક્ષિપ્ત) જેતલપુર ગામમાં સુંદર ત્રણ શિખરવાળું ભગવાનનું ત્રણ માળનું દેવળ તૈયાર કરાવેલું. મંદિર તૈયાર થયું. વેદોક્ત વિધિ કરીને સુંદર હરિની મૂર્તિઓને મહાપ્રભુએ સિંહાસન ઉપર સ્થાપન કરીને પ્રતિષ્ઠા કરી દીધી ત્યારે નરનારી જનોના સમૂહ જયજયકાર કરતા હતા.... આવું સુંદર જેતલપુરમાં મંદિર કરાવ્યું. તેમાં પ્રત્યક્ષ દેવો પધરાવ્યા.

### શ્રી નરનારાયણદેવનો ૨૦૨ મો પાટોત્સવ મહોત્સવ

**સમસ્ત સત્સંગને સહર્ષ જણાવવાનું કે આગામી ફાગણ સુદ-૩ ત્રીજ તા. ૧૨-૩-૨૦૨૪ મંગળવારે આપણા ભરતખંડના રાજાધિરાજ પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવનો ૨૦૨ મો પાટોત્સવ મહોત્સવ સમગ્ર ધર્મકુળની નિશ્રામાં અને સંત-હરિભક્તોની વિશાળ ઉપસ્થિતિમાં ભવ્યતાથી ઉજવાશે. દેશ-વિદેશના સૌ હરિભક્તોને આવા મહાઅલૌકિક પાટોત્સવના દર્શને પધારવા અમારું ખાસ આમંત્રણ છે. (મહંત સ્વામી - કાલુપુર મંદિર અમદાવાદ)**

### નવા મહંતશ્રીની નિયુક્તિ

**માણસા :** શ્રી સ્વામિનારાયણ મંદિર માણસાના નવા મહંતશ્રી સ.ગુ. સ્વામી મુક્તસ્વરૂપદાસજી ગુરુ સ.ગુ. સ્વામી પ્રાણજીવનદાસજી (મૂળીવાળા)ને નિયુક્ત કરવામાં આવ્યા છે.

**લીંબડી :** શ્રી સ્વામિનારાયણ મંદિર લીંબડીના નવા મહંતશ્રી સ.ગુ. શાસ્ત્રી સ્વામી પ્રેમવલ્લભદાસજી ગુરુ સ.ગુ. સ્વામી પ્રેમજીવનદાસજી (મૂળીવાળા)ને નિયુક્ત કરવામાં આવ્યા છે.

બાલવા ગામે પરમ પૂજ્ય લાલજી મહારાજશ્રીના આશીર્વાદ પ્રેરણાથી પારાયણ શાકોત્સવ પ્રસંગે આપણા શ્રીસ્વામિનારાયણ અંકના ૩૩ આજીવન સભ્યો નોંધાયા હતા. જેમાં દરેક સભ્યોને રૂ।. ૨૦૦ સૌજન્ય સેવા શ્રી વિષ્ણુભાઈ, શ્રી ધીરજભાઈ, શ્રી રવિ, શ્રી ઈશ્વરભાઈ અને શ્રી ભરતભાઈએ કરી હતી. પ.પૂ. લાલજી મહારાજશ્રીએ સૌને અંતઃકરણ પૂર્વકના આશીર્વાદ પાઠવ્યા છે.

# ધનુર્માસ - સફલા એકાદશી પદયાત્રા પ્રસંગે



## આશીર્વચન

સંકલન : ગોરધનભાઈ વી. સીતાપરા (હીરાવાડી, બાપુનગર)

**પ.પૂ. લાલજી મહારાજશ્રી - કાલુપુર મંદિર, તા. ૦૭-૦૧-૨૦૨૪ :** આજના પવિત્ર એકાદશીના દિવસે નરનારાયણદેવનાં પ્રાંગણમાં અમે આવ્યા ત્યારે બહારથી જ પગ મૂકવાની ક્યાંય જગ્યા ન હોતી. એટલા હરિભક્તો જ્યારે નરનારાયણદેવનું દર્શન કરવા આવ્યા છો ત્યારે આજે આશીર્વાદ તો આપણે દેવના જ લેવાના હોય.

**ભગવાનના નામ સ્મરણનો એટલો મહિમા છે કે કંઈ દુઃખ કે તકલીફ હોય તો એ ભગવાનનું નામ લેવાથી દૂર થઈ જાય છે તો આ તો નરનારાયણદેવની સન્મુખ બેસીને થોડો સમય ધૂન કરવાનો લ્હાવો નાની ઉંમરના બાળકથી માંડી વડીલો સુધી બધા લેતા હોય તો એ દેવ પ્રત્યેના ભાવ અને પ્રેમ સિવાય શક્ય નથી દરેકના ચહેરા પર ભગવાનનું એ બળ દેખાય આવે છે.**

તો આજના દિવસે પ્રાર્થના કરીએ કે દિવસે ને દિવસે સત્સંગ કરવાની ભગવાન આપણને ખૂબ શક્તિ આપે અને દેવ પ્રત્યેની નિષ્ઠા વધતી રહે એ જ નરનારાયણદેવના ચરણોમાં પ્રાર્થના.

**પ.પૂ. મહારાજશ્રી :** પદયાત્રા કરીને આવ્યા ? આમાંથી કોણ નથી કરીને આવ્યા ? આ ઉપર બેઠા છે એ નથી કરીને આવ્યા? હવે આવતા ફેરે તમારો વારો છે.

**શાસ્ત્રોમાં પદયાત્રાનું બહુ મહિમા લખ્યો છે. એવું કીધું છે કે એક ડગલે ડગલે અશ્વમેઘ યજ્ઞનું પુણ્ય મળે છે. પણ તમને પુણ્ય મળશે તો કરસો શું ? આ ભગવાન મળ્યા, સંતો મળ્યા, હરિભક્તો મળ્યા, આનાથી વધારે હવે શું કરવાનું છે !** પણ પ્રયત્ન ચાલુ રાખવાના છે. મહારાજે કીધું છે, ભગવાનનું માહાત્મ્ય, જ્ઞાન તથા વૈરાગ્ય સહિત આત્મજ્ઞાન એ બેની અતિશે દ્રઢતા રાખવી અને **પોતાને વિષે પૂર્ણકામપણું સમજવું, જે 'હવે મારે કાંઈ ન્યુનતા રહી નથી.' એમ સમજીને નિરંતર ભગવાનની ભક્તિ કરવી એટલે પોતાની જાતે પૂર્ણકામપણું માનીને તે સમજણને કેફે કરીને છકી પણ જવું નહી અને પોતાને અકૃતાર્થપણું પણ માનવું નહિ. વચનામૃતની આ વાત છે. ભગવાનનું અનુસંધાન ચાલુ રાખવાનું છે અને એના માટે જ આપણો સંપ્રદાય ઉત્સવ સમૈયા પ્રસંગ પ્રધાન છે.** જેમાંથી ઘણા બધા શીખ્યા પણ છે.

મારા અભિપ્રાય, વિચારધારા પ્રમાણે મેં ઘણા હરિભક્તોને ઘણીવાર કહ્યું છે કે, **આપણા પગ પડે ને એ કઈ દિશામાં પડે છે એ બહુ મોટી વસ્તુ છે.** આપણા જીવનની અંદર એક મોટી જવાબદારી બને છે, કે આપણા જીવનની દિશા અને પગલા કઈ તરફેણ જાય છે, કારણ એ છે કે **આપણા ઉપર ભગવાનના કારણે એક લેબલ છે. આ ચાંદલો કર્યો છે, આ કંઠી પહેરી છે ને તો ડગલું ક્યાંક અવળું પડી જાય, પછી અમે હોઈએ, સંતો હોય કે હરિભક્તો હોય, આપણા બધાની જનરલ વાત કરું છું કે જો ક્યાંક દિશા બદલાઈ જાય તો સંપ્રદાયને શોષવું પડે છે.** આ બહુ મહત્વની વસ્તુ છે. તો વિચાર કરજો કે આપણું ડગલું કઈ દિશામાં પડવું જોઈએ, પડી રહ્યુ છે ? તમારા બધાની આ વાત નથી. તમે તો પ્રાતઃકાળે એકાદશીના દિવસે દેવનું દર્શન કરવા આવ્યા છો પણ આ એક પ્રતિકાત્મક વાત છે.

ધારો કે કોઈ એક વ્યક્તિને ન જોવાની જગ્યાએ કોઈક માણસ જોઈ જાય, આપણા બધામાંથી, તો તેની અસર તમને નથી થવાની, આ સંપ્રદાયને થવાની છે. આ વાસ્તવિકતા છે કે નથી ? તો આપણા બધાની આ એક મોટી વ્યક્તિગત જવાબદારી છે. **ક્યાં ઉભા રહેવું, ક્યાં બેસવું અને કેવી રીતે બેસવું આ બધો વિવેક એટલા માટે જ શિક્ષાપત્રીમાં મહારાજે આપણને શીખવાડ્યો છે. ક્યાં ચાલવું, ક્યાં નજર પાડવી, શું સાંભળવું, શું જોવું આ બધી ગહન વાતો શિક્ષાપત્રી ભાષ્ય, વચનામૃત, સત્સંગિજીવન આદિક ગ્રંથોમાં લખાયેલી છે. તો આજે પદયાત્રા ઉપરથી, આપણા પગના ડગલા ઉપરથી એક મોટું પ્રતિક બને છે કે આપણી ઈન્દ્રિયો કઈ દિશામાં લઈ જવી ?**

દેવ સુધી પહોંચવા માટે બહરાથી જ ક્યાંય જગ્યા નહોતી એટલી સંખ્યામાં તમે બધા દર્શન કરવા આવ્યા છો. મુનિ સ્વામીને મેં ટેલિફોન કર્યો કે પહોંચાય એવું નથી. પણ ભાગ્યવશાત્ પહોંચી જવાયું. કારણ કે આ દેવ છે. દર્શને પહોંચી જવાનો ઈરાદો ચોખ્ખો હોય તો દેવ બળ આપે છે, ન્હીં તો ગોદડું છોડવું કઠણ છે. તમે બધા હસ્યા એટલે તમને પણ તકલીફ તો છે જ પણ ભાગ્યશાળી છો કે અહીં સુધી આવ્યા છો.

સંતો સાથે ઈતિહાસની વાત કરતો હતો કે **ધનુર્માસ માત્ર અમદાવાદ દેશમાં જ પ્રચલિત છે. ધનુર્માસ ધૂન માટે હો !**

બાકી ધનુર્માસ તો આખા જગતમાં વ્યાપક છે. યુ.પી.માં ખરમાસ કહે છે, કોઈ ધનુષ્યમાસ કહે છે, જુદું જુદું બધા કહેતા હોય. કોક કહે, ભગવાન આ માસમાં ભણવા જાય તો ભણવાનું આપણે છે કે એમને છે ? પણ વાસ્તવિકતાનો મને ખ્યાલ છે કે પ્રભાતફેરી નીકળતી હતી. ગલી ખૂંચીમાં હું પણ ગયેલો છું. ધર્મજીવન સ્વામી ભૂંગળું લઈને ફરતા હતા. હરિસ્વરૂપ સ્વામી ! યાદ છે ને ? ગઢિયા સંતોને યાદ હોય. ભૂંગળું પાછું પોર્ટેબલ હોય. બેટરી જતી રહે એટલે ફરી પાછી બીજી નાખીને ચાલું કરે. પછી ઘનશ્યામ મહારાજ આગળ ધૂન થતી, આજે પણ થાય છે. પછી મોટા બાપજીએ બેસવાનું શરૂ કર્યું. જેથી **ધૂનનો આપણને લાભ મળતો થયો એટલે એની પાછળનું કારણ હોય તો દ્વિશતાબ્દી મહોત્સવની સ્મૃતિએ કરીને મોટા બાપજીની દયાથી મળે છે.** એટલે આ અનાદિકાળથી નથી ચાલ્યું આવ્યું ! પણ ૧૯૮૧ ની સાલમાં દ્વિશતાબ્દી મહોત્સવ ઉજવાયો ત્યારથી શરૂ થઈ. ફૂલફલેઝ થયું. ધીરે ધીરે વધતું ગયું. ઘણા કહે ને આટલી સંખ્યા..... આટલી સંખ્યા પણ આપણા દરેક મંદિરોમાં આજે ક્યાંય બેસવાની જગ્યા હોતી નથી. કારણ તમારી ભગવાન પ્રત્યેની નિષ્ઠા છે. ગોદડું મુકીને કોઈપણ સ્વાર્થ વગર નરનારાયણદેવના દર્શન કરવા સૌ આવો છો અને તમારા કારણે નાના નાના દીકરા-દીકરીઓ પણ બહુ મોટી સંખ્યામાં આવે છે. જેથી કાલ ઉઠીને ભાવિ પેઢીના સંસ્કાર દ્રઢ થશે અને એના માટે જ આપણી આ મહેનત છે.

મારે તો ગામડાઓમાં જવાનું હોય એટલે નિયમિત ન આવી શકું, આ હકીકત કહું છું. પણ તમને હરિભક્તોને સૌને ધન્ય છે કે આજે નિત્ય પ્રત્યે મંગળાથી શણગાર સુધી અને મંગળા પહેલા પણ સૌ ધૂન કરો છો. ભગવાન રાજી થાય. બીજું તો શું કહીએ. કારણ હું જ કાયમ ન હોઉં એટલે વધારે બોલાય નહી, સાચી વાત છે ને ! પણ ભગવાનની કેટલી કૃપા છે, તમે વિચાર તો કરો. ગઈકાલે સંતો મને વાત કરતા હતા, ૮ થી ૯ જગ્યાએ શાકોત્સવ છે. વાડીએ જ્યાં અમારું નિવાસસ્થાન છે ત્યાં રોજની ઓછામાં ઓછી આઠ-દશ કંકોત્રી આવે છે. ૩૬૫ દિવસની કેટલી થઈ ? આ નરનારાયણદેવની કૃપા નથી ? કંકોત્રી લગ્નની કે બીજી કોઈ નથી કહેતો પણ આપણા નરનારાયણદેવના આશ્રયમાં અને નિષ્ઠામાં રહેલા હરિભક્તો કે જેમના દ્વારા ગામડાઓ, શહેરો કે જ્યાં ઉત્સવ સમૈયા કથા પારાયણ થતા હોય એની આ વાત છે. જેની ૩૬૫ દિવસમાં સરેરાશ ૧૫૦૦ કંકોત્રી થતી હશે. આટલું ભજન થાય છે એટલે આપણે પાંગળા થવું નહીં. પહેલા જેવું નથી રહ્યું એવું કદાચ કોઈ કહેતું હોય તો આપણે પહેલા જેવા ન રહ્યા હોઈએ. પહેલા ભગવાનને હેરાન કરતા હતા હવે તમને કોઈ હેરાન કરતું નથી.

**નરનારાયણદેવ તપ કરીને પુણ્ય આપણને આપે છે એટલે આપણે ખમતીધર થયા છીએ. આ લીલોતરી એમના કારણે છે. આ વાસ્તવિકતા છે. સીધી વાત છે. દેવ સિવાયની વાત કરવી જ નહી. બીજે પડવાનું જ નથી. તમે પડશો નહી એ મારી ભલામણ છે. નંદ સંતોએ આ દેવને જોયા પછી લખ્યું, શીદને ભટકો છો ? આપણને આ ભગવાન મળ્યા છે. ક્યાંય જવાની જરૂર નથી.** આરતી સૌ પ્રથમ બરાબર સમજી લેવાની જરૂર છે. અડસઠ તીરથ ચરણે, કોટિ ગયા કાશી, રજળવા-રખડવા બીજે જવું હોય તો જુદી વાત છે. બાકી **તીર્થ કરવા જતા હો તો તીર્થ તો બધા આ દેવના ચરણોમાં જ છે. અહીંયા છે એ ક્યાંય નથી દુનિયામાં ! આ વાત હું અહીંથી નાભિથી કહું છું.** ભાષણ કરવા નથી કહેતો. ભાષણ આવડતું જ નથી મને. અને ઘરના આગળ ભાષણ શું કરવા કરવું પડે, અજાણ્યા હોય એની આગળ ભાષણ કરવું પડે.

**દેવનું પ્રાધાન્ય હોય ત્યાં જ ડગલા જવા જોઈએ. દેવ સિવાય જ્યાં પણ પગ પડે એ ડગલા ખોટા છે.** ઠીક છે વોકીંગ થાય એનો લાભ મળે.

ધન્ય ઘડી છે. બહેનો નીચે તપ કરી રહ્યા છે. બહેનોનો સમુદાય બહુ મોટો છે. ગાદીવાળા ઘણીવાર બહારગામથી આવ્યા હોય એટલે અમે કહીએ, કાલે ન જશો. તો કહે, નાની નાની દીકરીઓ આવતી હોય તો હું કેમ ના જઉં ? આ લાલજી મહારાજશ્રી સાક્ષી છે. પછી મને પણ એમ થાય કે ગાદીવાળા નિત્ય આવે, નાના નાના દીકરા-દીકરીઓ નિત્ય આવે એટલે બીજે દિવસે મારે પણ હાજર થવું પડે. પેટ છૂટી વાત કરવામાં વાંધો નથી. પછી ભલે જવાબદારી ઘણી હોય અને મહેનત પણ ઘણી કરવી પડતી હોય પરંતુ દેવના આશીર્વાદથી અને સંતો-ભક્તોની હૂંફથી કાર્ય થાય છે. સૌને જાણ કરવા માત્રથી દરેક પ્રસંગે સૌ એકત્રિત થાવ છો.

રામ જન્મભૂમિ આપણું ગૌરવ છે અને પરંપરા છે જેથી દરેક ગામડામાં વાત કરી છે કે ૨૨ તારીખે આપણા દરેક મંદિરો ને દીવાથી, આસોપાલવ આદિક પ્રાકૃતિક જેટલી વસ્તુ હોય એનાથી શણગારીએ, પછી ૨૮ તારીખે રીંગણાનો ઉત્સવ તો છે જ એની મોટી ઉજવણી પછી થશે.

દેવના થઈને રહેજો અને રહ્યા છો પણ ક્યાંક મન આઘું પાછું જતું રહે એવું નહી કરવાનું. ઘણા વડીલો કહેતા હોય છે ને કે આવું નહી કરવાનું. એટલે હું વડીલની રીતે ઉપદેશ નથી કરતો પણ **આપણી જાતને આપણે કહેવાનું કે બીજે ક્યાંય આડું અવળું માથું નહી મારવું. ભગવાનના દ્વારે માથું ટેકવવું. સત્સંગના ભીડામાં રહેવામાં બધું સુખ છે. ક્યાંય દુઃખ છે જ નહિ.**બધા હરિભક્તોના ચહેરા જુઓ, કેવી રોનક છે ! કોઈ દુઃખી જોવા મળતા નથી. ભગવાન મળ્યા, કેટલો આનંદ છે ! બસ, આ રીતે પરિવારમાં હમેશા આનંદ રહે. બધા એક થઈને રહો અને સુખિયા થાવ એવી નરનારાયણદેવના ચરણોમાં પ્રાર્થના.

શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ

## શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમનાં દ્વારેથી....

### શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં નોંધાયેલ અભિષેકની યાદી-જાન્યુઆરી-૨૦૨૪

| | |
|---|---|
| તા. ૦૨-૦૧-૨૦૨૪ | પ.ભ.શ્રી નિલકંઠકુમાર દિલીપભાઈ સોની - મેમનગર. |
| તા. ૦૮-૦૧-૨૦૨૪ | પ.ભ.શ્રી શાલિનકુમાર અરવિંદભાઈ દોંગા - બાપુનગર - હ. પ.ભ. અરવિંદભાઈ દોંગા. |
| તા. ૦૯-૦૧-૨૦૨૪ | પ.ભ.શ્રી ભાવેશ સુરેશભાઈ સોની - અમદાવાદ. |
| તા. ૧૪-૦૧-૨૦૨૪ | અ.નિ. માલુભાઈ રામસંગભાઈ જાદવના મોક્ષાર્થે, શ્રી કરશનભાઈ માલુભાઈ જાદવ - હ. દિગ્વિજયસિંહ તથા અતુલસિંહ વેજલકા, તા. ધોળકા. |
| તા. ૧૫-૦૧-૨૦૨૪ | અ.નિ. શંકરભાઈ મગનભાઈ પટેલ - હિરાપુરા - હ. ગં.સ્વ. મંજુલાબેન શંકરભાઈ પટેલ |
| તા. ૧૬-૦૧-૨૦૨૪ | પ.ભ.શ્રી ભીખાભાઈ માધવલાલ પટેલ - કરજીસણવાળા હા. યુ.એસ.એ. |
| તા. ૨૫-૦૧-૨૦૨૪ | પ.ભ.શ્રી વિષ્ણુભાઈ પરસોતમભાઈ પટેલ - વડુવાળા હા. કલોલ. |
| તા. ૨૬-૦૧-૨૦૨૪ | પ.ભ.શ્રી રિંકલબેન નિલેશભાઈ વ્યાસ - લોસ એન્જલસ. |
| તા. ૨૭-૦૧-૨૦૨૪ | પ.ભ.શ્રી ડાહ્યાભાઈ નારાયણદાસ પટેલ - માણસા. |
| તા. ૩૧-૦૧-૨૦૨૪ | પ.ભ.શ્રી પારૂલબેન મનીષભાઈ પટેલ - રાણીપ. |

### શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં નોંધાયેલ દાનભેટની યાદી-જાન્યુઆરી-૨૦૨૪

| | |
|---|---|
| રૂા. ૧,૦૦,૦૦૦/- | પ.પૂ. મોટા મહારાજશ્રી તથા પ.પૂ.અ.સૌ. મોટા ગાદીવાળાશ્રી - હ. આદર્શ ભક્તિભાઈ પટેલ - ઉનાવા. |

**શુભ પ્રસંગે ભેટ આપવા માટે અથવા પોતાના અંગત સંગ્રહ માટે શ્રી નરનારાયણદેવની પ્રતિમાવાળા ૫/૧૦/૨૦ ગ્રામ ચાંદીના સિક્કા મ્યુઝિયમમાં મળશે.**

**સૂચના : શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં દર પૂનમે પ.પૂ. મોટા મહારાજશ્રી સવારે ૧૧-૩૦ કલાકે આરતી ઉતારશે.**

સંપ્રદાયમાં એક માત્ર વ્યવસ્થા શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં મહાપૂજા / મહાભિષેક નોંધાવવા સંપર્ક કરો.

મ્યુઝિયમ મોબાઈલ:- દાસભાઈ (બાપુનગર) : ૯૯૨૫૦૪૨૬૮૬

**www.swaminarayanmuseum.in • email: swaminarayanmuseum@gmail.com**

### ધર્મકુળની પધરામણી અંગે હરિભક્તોને અગત્યનું સૂચન

સર્વે હરિભક્તોને જણાવવાનું જે, આપને પ.પૂ. આચાર્ય મહારાજશ્રી, પ.પૂ. લાલજી મહારાજશ્રીની સત્સંગના કોઈપણ પ્રસંગની પધરામણીની તારીખ લેવા માટે શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર દર એકાદશી-પૂનમના રોજ પધારે ત્યારે જ આપના પ્રસંગની તારીખ, કાર્યક્રમ માટે રૂબરૂ મળીને સમય મેળવી લેવો. **ઉપરોક્ત કામ પ્રસંગે કોઈએ પણ પૂ. મહારાજશ્રીના બંગલે શ્રીસ્વામિનારાયણ બાગ જવું નહીં. જેની સૌ હરિભક્તોએ ખાસ નોંધ લેવી.**

સંપર્ક : કોઠારી શાસ્ત્રી સ્વામી નારાયણમુનિદાસજી ● મો. : ૯૯૦૯૯૭૬૦૦૯

### પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રીની પધરામણી અંગે અગત્યનું સૂચન

પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રીની પધરામણીની તારીખ લેવા માટે બહેનોએ કાલુપુર મંદિર હવેલીમાં સાંખ્યયોગી બહેનોનો સંપર્ક કરવો. **ઉપરોક્ત કામ પ્રસંગે કોઈએ પણ શ્રીસ્વામિનારાયણ બાગ મેમનગર જવું નહીં. જેની સૌ બહેનોએ ખાસ નોંધ લેવી.**



સમગ્ર ધર્મકુળનાં સાંનિધ્યમાં
શ્રી નરનારાયણદેવ દેશનો સંયુક્ત

# ॥ શાકોત્સવ ॥











# શાકોત્સવની દિવ્ય તસવીરો
















બાલવા ગામે વિશાળ સત્સંગ સમુદાય સમક્ષ શાકોત્સવ કરતા પ.પૂ.આચાર્ય મહારાજશ્રી




ઈશ્વરપુરા બદપુરા ગામે શાકોત્સવ કરતા અને સભામાં આશીર્વાદ આપતા પ.પૂ. આચાર્ય મહારાજશ્રી



કુબડથલ ગામે શાકોત્સવ કરતા પ.પૂ.લાલજી મહારાજશ્રી



અમદાવાદ મંદિરમાં ધનુર્માસ દરમ્યાન શાકોત્સવ



નારણપુરા મંદિરમાં ધનુર્માસ દરમ્યાન શાકોત્સવ



ઝુલાસણ મંદિરમાં શાકોત્સવ

# ભક્તિસુધા

**પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રીના આશીર્વચનમાંથી**
**એકાદશી સત્સંગસભા પ્રસંગે (કાલુપુર મંદિર-હવેલી)**
**"સાચી શરણાગતિ એટલે સ્વીકૃતિ"**
(સંકલન : કોટક વર્ષા નટવરલાલ - ઘોડાસર)

શરણાગતિ એટલે શું ? તો હું શરણાગત થઈ ગઈ એમ કહેવા માત્રથી શરણાગત થઈ જવાય છે ? શરણાગતિનો મતલબ શું છે ? તો શરણાગતિનો મતલબ છે **'સ્વીકૃતિ'. સાચા મનથી સ્વીકૃતિ એને કહેવાય છે સાચી શરણાગતિ.** આપણે શરણાગતિ સ્વીકારીએને તો એમાં આપણે ભગવાન ઉપર કોઈ અહેસાન નથી કરતા. કેમ કે ? **શરણાગતિ એ આપણા 'કલ્યાણ' માટે છે. શરણાગતિનો સાચો અર્થ એ થાય છે કે મારું જીવન છે એ મેં ભગવાનના ચરણોમાં અર્પણ કર્યું. એવું માનવાનું કે વિચારવાનું નહીં, એવું સ્વીકારવું પડે.**

સંપૂર્ણપણે સાચા શરણાગત હોય એ કઈ રીતે ઓળખાય ? **તો તે તેના સ્વભાવ ઉપરથી ઓળખાય છે.** સાચા શરણાગતનો સ્વભાવ કેવો હોય છે ? **સાચા શરણાગત વ્યક્તિ દૈવી પ્રકૃતિવાળા હોય છે. સાત્વિકગુણોથી યુક્ત હોય છે.** આખું જગત છે ને તેમાં સાત્વિકગુણવાળા ઓળખાય કઈ રીતે ? **તો માયા એ જીવને બંધનરૂપ થતી નથી. જીવ જ્યારે પૂર્ણપુરુષોત્તમને આત્મસમર્પણ કરે છે ત્યારે તેને ભૌતિક પ્રકૃતિ નડતી નથી એ જીવ દૈવીપ્રકૃતિના માર્ગદર્શન નીચે આવી જાય છે.** એવું કઈ રીતે શક્ય થાય છે ? જીવમાં એવી શક્તિ કેવી રીતે આવે છે ? **તો એનું કારણ એ છે કે ભગવાનના આપણે અંશ છીએ. માટે જે જીવ પરમાત્માના શરણમાં જાય છે તે દૈવી પ્રકૃતિવાળા થઈ જાય છે.** દા.ત. નદી જ્યારે સાગરને નથી મળતી ત્યારે નદી તરીકે ઓળખાય છે. પરંતુ જ્યારે સાગરને મળી જાય છે. સાગરમાં સમાઈ જાય છે. તો તેનું અસ્તિત્વ રહેતું નથી એ સાગર થઈ જાય છે. એવી રીતે **અંશ જ્યારે પોતાના અંશીને મળી જાય છે ત્યારે ભગવાનમાં જ પરોવાઈ જાય છે. ભગવાન તો કોઈ બની જ ના શકે** પણ જીવ જ્યારે સાચી શરણાગતિ સ્વીકારે છે ત્યારે કોઈ પણ સંશય વગર એનું ચિત્ત ભગવાનમાં પરોવાઈને રહે છે. અને પછી સાચા સંતો અને સત્‌શાસ્ત્રોના યોગથી વધારે આગળ વધી શકે છે. શરણાગત થયા પછી પોતે જે સ્વરૂપ (દ્વિભુજ) સ્વરૂપને સમર્પણ થયા હોય એ સ્વરૂપ સિવાય બીજા કોઈ પણ સ્વરૂપમાં મોહ થતો નથી. કહેવાનો અર્થ એ છે કે સાચા શરણાગતને પોતાના જે ઈષ્ટદેવ છે જેની શરણાગતિ લીધી છે એ સ્વરૂપ સિવાય બીજામાં આસક્તિ થતી નથી. **તો આ જગતમાં તો 'મોહ' ક્યાંથી થાય ? જે એવા સાચા શરણાગત હોય છે ને તે સંન્યાસી અને યોગી જેવી મહાન હોય છે. અને જ્ઞાનથી એ સ્થિતિને પામેલા હોય છે.** જો સાચી શરણાગતિ સ્વીકારીએ ને તો એમાં બધું જ આવી જાય છે. ત્યાં જ બધા વિષય ભોગ અટકી જાય છે. ઈન્દ્રિયોને બીજા કાર્યમાં પ્રવેશ થવાનો મોકો મળતો જ નથી. કેમ કે ? સાચા શરણાગત થયા પછી વ્યક્તિ જે કાર્ય કરે છે એ માત્રને માત્ર ભગવાનને રાજી કરવા માટે જ કરે છે. **પોતાના સુખની ઝંખના હોતી જ નથી. ચોવીસ કલાક એવું જ વિચારે છે કે હું શું કરું તો મારા મહારાજ રાજી થાય.** એટલે જગત સંબંધી વિચારવાનો મોકો જ મળતો નથી. જે એવા જીવ હોય છે તે આ જગતમાં રહેવા છતાં મુક્ત ગણાય છે. સદેહે તરી જાય છે. એમ કહેવાય છે કે એના પ્રારબ્ધ પણ નાશ પામી જાય છે. દરેક જીવના સંચિત કર્મો હોય જ છે. શુભ કાર્યો કર્યા હોય તો દેવલોકમાં જાય છે. અશુભ કાર્યો કર્યા હોય તો નીચે તરફ ગતિ કરે છે. અને શુભ-અશુભ બન્ને મિશ્રિત કાર્યો કર્યા હોય તો આ પૃથ્વી પર આવે છે. તો આ જે સંચિત કર્મો હોય છે તે પ્રારબ્ધમાં બદલાય છે. એ જે પ્રારબ્ધ કર્મ છે તે ભોગવવા જ પડે છે. એ કર્મ ભગવાન ટાળી દે છે. જે આ જન્મમાં પ્રારબ્ધકર્મ ફળ આપવા સન્મુખ થઈ ગયા છે તે તો દરેક વ્યક્તિએ ભોગવવા જ પડે છે. પરંતુ હવે પછીના જન્મમાં જે પ્રારબ્ધકર્મ ભોગવવાના છે એ પ્રારબ્ધ ટળી જાય છે. આપણે આ દેહમાં જે કાંઈ અત્યાર સુધી ભોગવ્યું એ પૂર્વનિર્ધારિત હોય છે. અત્યારે આપણે અહિયા નરનારાયણદેવના ચોકમાં બેસીને સત્સંગ કરીએ છીએ ને તો એ પણ પૂર્વનિર્ધારિત જ છે. એક એક બાબત લખેલી (નિશ્ચિત) હોય જ છે. જે પણ ક્રિયા થવાની છે. આ જીવનમાં જે કાંઈ અનુભવ છે એ નિશ્ચિત જ છે. પરંતુ જે ભક્ત અંદરથી ભગવાન માટે વ્યાકુળ હોય છે. જે અંદરથી ભગવાન માટે રડતા હોય છે. જેને ભગવાન સિવાય બીજું કાંઈ જોઈતું જ નથી. તો એના પ્રારબ્ધકર્મ પણ ભગવાન જલ્દી પતાવી દે છે. એને બહુ રાહ જોવી પડતી નથી. તમારા નાના દીકરા-દીકરી હોય, એ હાથ લાંબા કરીને રડતા હોય છે. તો માતા-પિતા શું કરે છે. એને નવડાવવાનું હોય, ખવડાવવાનું હોય બીજું કોઈપણ કાર્ય કરવાનું હોય તો એ બધું ભૂલી જાય છે. અને પહેલા તેડી લે છે. બધું પછી કરશું એમ વિચારે છે. કેમ કે વ્યાકુળ થઈને રડે છે. એવી રીતે **વ્યાકુળ અંતરે આ જીવ રડતો હોય તો બીજું બધું પછી એમ વિચારીને એના પ્રારબ્ધ ટાળી દે છે. તો એના માટે બાળક જેવું નિખાલસ બનવું પડે છે. નાનું બાળક હોય તે પોતાની માતાના ખોળામાં બેસીને પછી જ શાંત થાય છે. એવી જ વ્યાકુળતા હોવી જોઈએ. બાળકને "મા" તેડે ત્યારે જ શાંત થાય છે. મને એ જ જોઈએ મને એ જ તેડશે. તો જ મને શાંતિ થશે. એવું હોય તો પ્રારબ્ધ ટળી જાય છે.** અને શરણાગતિનું બીજું મુખ્ય લક્ષણ એ છે કે

ભગવાનની ઈચ્છા એને માન આપવાનું. **ભગવાનની ઈચ્છાથી વિપરિત નહિ જવાનું. માલિકના રાજીપામાં રાજી રહેવાનું.** નાના બાળકની જેમ શરણાગતિ સ્વીકારી લેવાની અને એવો અહંકાર પણ નહિ રાખવાનો કે આપણે અત્યાર સુધી મહારાજની આજ્ઞામાં રહ્યા, કેટલા બધા સાધન કરીને આ સ્થિતિને પામ્યા છીએ. મેં કર્યું એવો વિચાર પણ આવી જાય તો બધું વ્યર્થ જાય છે. **દયા કરીને ભગવાને સદ્‌બુધ્ધિ આપી તો મારાથી થયું એમ રાખવાનું.** જો અહંકાર આવી જશે તો ગમે તેટલી મજબૂત ભજન ભક્તિ કરી હશે તે કાંઈ કામ લાગશે નહિ. દરિયામાં તરતી નાવ હોય તે ગમે તેટલી મજબૂત અને સરસ હશે પણ તેમાં એક કાણું પડી જાય તો તેની મજબૂતાઈ કામ લાગતી નથી. એવી રીતે ગમે તેટલા સાધન કરીને મજબૂત થઈ ગયા પણ અહંકારરૂપી કાણું પડે તો ડૂબી જવાનું થશે. અને જીવનમાં ગમે તેવું દુઃખ આવે તો પણ એવું જ માગવાનું કે આ દુઃખમાંથી નીકળવાની શક્તિ આપો. કેમ કે એ આપણા પ્રારબ્ધ કર્મ હોય છે. એ પ્રારબ્ધ કર્મ પૂર્વનિર્ધારિત હોય છે. માટે સહનશક્તિ રાખવાની, ધીરજ રાખવાની, પ્રતિક્ષા કરવાની. **ભગવાનનો દિવ્ય પ્રેમ અવશ્ય પ્રાપ્ત થશે. ભગવાનને માત્ર પ્રાર્થના કરવાની અને આપણે ‘શરણાગત’ છીએ તેવું માનવાનું નહિ કે વિચારવાનું નહીં પણ સ્વીકારવાનું.**

### શ્રી સ્વામિનારાયણ માસિક ન મળવા અંગે

શ્રી સ્વામિનારાયણ માસિકના સૌ સભ્યોને જણાવવાનું જે આપણું શ્રી સ્વામિનારાયણ માસિક છેલ્લા ઘણા વરસોથી નિયમિત રૂપે દર માસની ૧૧ તારીખે પોસ્ટ કરવામાં આવે છે. દરેક વિસ્તારના અંક સોર્ટિંગ કરીને મોકલવામાં આવે છે. તેમ છતાં પોસ્ટ ખાતાની ખૂબજ બેદરકારીને કારણે ઘણાને અંક મળતા નથી. અથવા સમયસર મળતા નથી. **આપે દર માસની ૨૦ તારીખ સુધીમાં અંક ન મળે તો આપની સ્થાનિક-નજીકની પોસ્ટ ઓફિસમાં ખાત્રી કરાવવી. તેમ છતાં ન મળે તો શ્રી સ્વામિનારાયણ માસિક ઓફિસના મોબાઈલ નંબર ૯૩૧૩૭૦૬૦૯૫ ઉપર સવારના ૮ થી ૫ દરમ્યાન ફોન કરી ગ્રાહક નંબર સાથે જાણ કરવી. અંક સ્ટોકમાં હશે તો આપને ફરી મોકલવામાં આવશે. ૨૦ તારીખ સુધી રાહ જોવી** તે પહેલા ફોન કરવો નહીં. આપનો ગ્રાહક નંબર ખાસ જણાવવો.

### શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદમાં ધાર્મિક પૂજા વિધિ અંગે સૂચન

શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર દ્વારા અનુભવી વિદ્વાન બ્રાહ્મણો દ્વારા ધાર્મિક વિધિ જેવી કે પૂજા, મહાપૂજા, વ્રત ઉજવણું, ગૌ-પૂજન, ગૌ-દાન, સજ્જાદાન (રસોડું ભરવું) જેવી વિધિઓ કરાવવામાં આવશે.

આ અંગે સર્વે હરિભક્તો ભાઈઓ અને બહેનોએ (ભાઈઓ દ્વારા) કોઠાર ઓફિસમાં જ સંપર્ક કરવો, અને જે તે પૂજા-વિધિનો ખર્ચ અને અન્ય માહિતી કોઠાર ઓફિસમાંથી મેળવી, નામ નોંધાવી, પાકી પહોંચ મેળવી લેવી.

કોઈપણ બ્રાહ્મણ (ભૂદેવ) સાથે આ બાબતે નક્કી કરવું નહીં, કોઠાર ઓફિસમાં નોંધાવ્યા સિવાય કોઈપણ પૂજાવિધિ કરવાની પરવાનગી આપવામાં આવશે નહિ.

**સંપર્ક : ૮૨૩૮૦૦૧૬૬૬.**

### ઠાકોરજીના સોના-ચાંદીના દાગીના અને વાઘા વસ્ત્રની સેવા કરતા હરિભક્તોને અગત્યનું સૂચન

સર્વે હરિભક્તોને જણાવવાનું જે શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુરમાં જે કોઈ હરિભક્ત ઠાકોરજી માટે સોના-ચાંદીના દાગીના અને વાઘા વસ્ત્ર બનાવીને ભેટ આપતા હોય છે. જેની ઘણાને ખબર ન હોય જેથી દર દાગીના આદિ ઠાકોરજીને ધરાવતા પહેલા સૌ પ્રથમ અમદાવાદ કાલુપુર મંદિરના **કોઠાર ઓફિસમાં તેની પાકી પહોંચ બનાવીને પછી જ પૂજારી સ્વામીને ધરાવવા** આપવા. જેનું સર્વે હરિભક્તોએ ખાસ ધ્યાન રાખવું.

બીજું ખાસ આપને જણાવવાનું જે, ઠાકોરજી માટે કોઈપણ હરિભક્તે તૈયાર વાઘા બનાવીને લાવવા નહી. જે કોઈ હરિભક્તને વાઘા વસ્ત્ર ધરાવવાની ઈચ્છા હોય તેમણે શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુરના કોઠાર ઓફિસમાં સંપર્ક કરવો. અમદાવાદ મંદિર કોઠાર ઓફિસ દ્વારા જ આપને સારા સુંદર કાપડમાં ભગવાનના પરફેકટ માપ સાથેના બનાવી આપવામાં આવશે. આપને નક્કી કરેલ રકમ કોઠાર ઓફિસમાં ભરી તેની પાકી પહોંચ આપવામાં આવશે. માટે કોઈએ પણ **ઘરેથી બનાવેલા વાઘા લાવવા નહીં તેની ખાસ નોંધ લેવી.**

# સત્સંગ સમાચાર

### એકાદશીના ધનુર્માસમાં અમદાવાદ દેશના પરા વિસ્તારોના મંદિરોના હરિભક્તોની શ્રીનરનારાયણદેવના દર્શને પદયાત્રા

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની પરમ કૃપાથી અને આપણા ભાવિ આચાર્ય પ.પૂ. ૧૦૮ શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના સંકલ્પ પ્રેરણાથી ધનુર્માસમાં માગસર વદ-૧૧ એકાદશી તા. ૭-૧-૨૦૨૪ ના શ્રી નરનારાયણદેવ દેશના અમદાવાદ શહેર અને પરા વિસ્તારના મંદિરોથી હજારોની સંખ્યામાં હરિભક્તો પદયાત્રા દ્વારા શ્રી નરનારાયણદેવના દર્શને આવ્યા હતા. તમામ હરિભક્તોને ઠાકોરજીની આરતી બાદ સુંદર એલાયચી કેશર વાળું પ્રસાદીનું દૂધ અને ફરાળી સુખડી ચેવડાનું ફરાળ અમદાવાદ મંદિરના પૂ. મહંત શાસ્ત્રી સ્વામી પુરૂષોત્તમપ્રકાશદાસજીની પ્રેરણાથી તેમના સંત-મંડળે કરાવ્યું હતું. પ.પૂ. મહારાજશ્રી અને પ.પૂ. લાલજી મહારાજશ્રીએ સૌ પદયાત્રીઓ ઉપર રાજી થઈ રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા.

(કોઠારી શા. સ્વામી નારાયણમુનિદાસ)

### અમદાવાદ મંદિરમાં શ્રી રામ ભગવાનના અયોધ્યા નૂતન મંદિર પ્રતિષ્ઠાના ઉપલક્ષમાં ધૂન-ભજન સંધ્યા-આરતી

શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર ખાતે પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવના સાંનિધ્યમાં તા. ૨૨-૧-૨૦૨૪ ના શુભ દિને સાંજના ૫ થી ૭ દરમ્યાન કાલુપુર મંદિરના પ્રસાદીના વિશાળ ચોકમાં ચારેબાજુ ભવ્ય દિવડાઓની રોશની સુંદર સ્ટેજ ઉપર આપણા મંદિરના ગવૈયા સંત-પાર્ષદો, પૂ. શા.સ્વા. સુવ્રત સ્વામી, બ્ર. સ્વા. મુકુન્દાનંદ, હજૂરી પાર્ષદ મહાદેવ ભગત અને સંગીતની ટીમે ભજન કીર્તનની રમઝટ બોલાવી હતી. આખો ચોક હરિભક્તોની ભીડથી ભરાઈ ગયો હતો. ૫૦૦ વરસોની આતુરતા બાદ જ્યારે મર્યાદા પુરૂષોત્તમ શ્રી રામ ભગવાન અયોધ્યા નિજ મંદિરમાં પધાર્યા તે પ્રસંગે સમગ્ર સંપ્રદાય જ્યારે આનંદ અને હર્ષની લાગણી અનુભવતા હોય ત્યારે આપણા સૌના ગુરુ એવા ધર્મવંશી સમગ્ર પરિવાર પણ આ સુંદર કાર્યક્રમમાં ખાસ પધાર્યા. પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી, પ.પૂ. મોટા મહારાજશ્રી, પ.પૂ. લાલજી મહારાજશ્રી અને પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રી અને પ.પૂ.અ.સૌ. મોટા ગાદીવાળાશ્રી પધાર્યા હતા. પ.પૂ. મોટા મહારાજશ્રીએ આ પ્રસંગે આશીર્વાદ આપતા કહ્યું કે શ્રીરામ ભગવાન અને શ્રી સ્વામિનારાયણ ભગવાનની સામ્યતા એકજ દિવસે પ્રાગટ્યદિન. મહારાજે વચનામૃતમાં ધર્મકુળને અયોધ્યાવાસી કહ્યા છે. એમ સુંદર વાત કરી. ભગવાન શ્રીરામનું માહાત્મ્ય જણાવી રૂડા આશીર્વાદ આપીને શ્રીરામચંદ્ર ભગવાનની આરતી શ્રીહરિના ત્રણેય અપર સ્વરૂપોએ ઉતારી ત્યારે સમગ્ર સભામાં ઉપસ્થિત સંત-હરિભક્તોએ દિવડાઓ કરીને ભવ્ય રીતે શ્રીરામ જન્મભૂમિ પ્રતિષ્ઠાની ઉજવણી કરી હતી. પ.પૂ. આચાર્ય મહારાજશ્રીના પ્રતિનિધિ સ્વરૂપે અયોધ્યાના પ્રસંગમાં નિમંત્રણને માન આપી પૂ. મહંત શાસ્ત્રી સ્વામી પુરુષોત્તમપ્રકાશદાસજી, પૂ. શાસ્ત્રી સ્વામી પુરૂષોત્તમપ્રકાશદાસજી (જેતલપુર), પૂ. શાસ્ત્રી સ્વામી નિર્ગુણદાસજી અને મૂળી મંદિરના મહંત શાસ્ત્રી સ્વામી હરિપ્રકાશદાસજી આદિ સંતો પૂ. મહારાજશ્રીના પ્રતિનિધિ રૂપે પધાર્યા હતા. આજનો આવો સુંદર ભવ્ય કાર્યક્રમ પૂ. મહંત સ્વામીની પ્રેરણાથી પૂ. કોઠારી નારાયણમુનિ સ્વામી અને સંત મંડળે સુંદર ભવ્ય આયોજન કરી ઉજવ્યો હતો. છેલ્લે સૌને સુંદર પ્રસાદના પેકેટનું વિતરણ કરાયું હતું.

(કોઠારી શાસ્ત્રી સ્વામી નારાયણમુનિદાસ)

### શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુરમાં પોષ માસની પૂનમની સત્સંગ સભા

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તેમજ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી અને પ.પૂ. લાલજી મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદ સહ પ્રેરણાથી તથા અમદાવાદ મંદિરના પૂ. મહંત સ.ગુ. શા.સ્વા. પુરૂષોત્તમપ્રકાશદાસજીના સુંદર માર્ગદર્શનથી શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુરમાં દર પૂનમના છેલ્લા ૮ માસથી વિદ્વાન સંતોના વક્તાપદે સત્સંગ સભામાં કથા-વાર્તા થાય છે. આ વખતની પૂનમની સભામાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી અને પ.પૂ. લાલજી મહારાજશ્રીના સાંનિધ્યમાં શા.સ્વા. ગોપાલચરણદાસજી (કલોલ મંદિર)એ કથાવાર્તાનો સુંદર લાભ આપ્યો હતો. છેલ્લે પ.પૂ. લાલજી મહારાજશ્રીએ સૌ ભક્તોને રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. પૂનમના દર્શને આવતા હજારો હરિભક્તોને અમદાવાદ મંદિર દ્વારા સુંદર પકવાન, દાળ, ભાત, રોટલી, શાક, ફરસાણ આદિ પ્રસાદરૂપી ભોજન જમાડવામાં આવે છે. સભા સંચાલન પૂ. શા.સ્વા. મુનિસ્વામીએ કર્યું હતું.

(કોઠારી શા. સ્વામી નારાયણમુનિદાસ)

### સમગ્ર ધર્મકુળના સાંનિધ્યમાં શ્રી નરનારાયણદેવનો સંયુક્ત શાકોત્સવ ઉજવાયો

ભરતખંડના રાજાધિરાજ પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી અને સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી અને આપણા ભાવિ આચાર્ય પ.પૂ. ૧૦૮ શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના સંકલ્પ-પ્રેરણા અને માર્ગદર્શનથી તા. ૨૮-૧-૨૦૨૪ રવિવાર ના રોજ "પર્વ" ગ્રાઉન્ડ જમીયતપુરા ખાતે સમગ્ર ધર્મકુળના સાંનિધ્યમાં શ્રી

નરનારાયણદેવ દેશનો સંયુક્ત સૌ પ્રથમ ભવ્યાતિભવ્ય મહા અલૌકિક શાકોત્સવ ૧ લાખ હરિભક્તોના વિશાળ સમુદાય અને આપણા અમદાવાદ, ભુજ, મૂળીના પૂજનીય સંતોની શુભ ઉપસ્થિતિમાં ભવ્યતાથી સંપન્ન થયો. આ પ્રસંગે આપણા ગુજરાત રાજ્યના માનનીય મુખ્ય મંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, અમદાવાદ ગાંધીનગરના ડે. મેયરશ્રી, શ્રી કૌશિકભાઈ (ધારા સભ્યશ્રી) આદિ અનેક રાજકિયક્ષેત્રના મહાનુભાવો પધાર્યા હતા. પ.પૂ. મહારાજશ્રી, પ.પૂ. મોટા મહારાજશ્રી અને પ.પૂ. લાલજી મહારાજશ્રીએ મુખ્ય મંત્રીશ્રીનું પુષ્પહાર અને આપણા મંદિરની પ્રતિકૃતિ વડે સુંદર સ્વાગત કર્યું હતું.

ભુજ મંદિરના પૂજ્ય મહંત સ્વામી સ.ગુ. પુરાણી સ્વામી ધર્મનંદનદાસજી, પૂ. પાર્ષદવર્ય જાદવજી ભગત, કોઠારી સ્વામી દેવપ્રકાશદાસજી આદિ સંતો પ.પૂ. લાલજી મહારાજશ્રીના આમંત્રણથી ખાસ પધાર્યા હતા.

સુંદર ખુલ્લા શમિયાણામાં બન્ને બાજુ આપણા અમદાવાદ, મૂળી અને ભુજ મંદિરના પૂજ્ય સંતો વિરાજ્યા હતા. અને મધ્યમાં ધર્મકુળ બિરાજમાન થઈ દર્શન આપતા હતા. નાખી નજર ન પહોંચે તેટલો માનવ મહેરામણ વચ્ચે પ.પૂ. મહારાજશ્રી, પ.પૂ. મોટા મહારાજશ્રી અને પ.પૂ. લાલજી મહારાજશ્રી સાથે આપણા શ્રીહરિ પ્રસ્થાપિત અમદાવાદ, મૂળી, ભુજ, જેતલપુર અને ધોળકા મંદિરના પૂજ્ય મહંત સ્વામીશ્રી અને આપણા મા. શ્રી મુખ્યમંત્રીશ્રી એમ સૌએ સાથે મળી મહાઅલૌકિક શાકોત્સવનો વઘાર વિવિધ મસાલા નાખીને અને તાવીથા દ્વારા હલાવીને એવો શાકોત્સવ કર્યો કે લોયામાં જેમ મહારાજના વસ્ત્રો મસાલાથી પીળા થઈ ગયા હતા તેવા જ પીળા વસ્ત્ર આપણા પૂ. મહારાજશ્રીના થઈ ગયા હતા. અહીં પ્રત્યક્ષ શ્રી નરનારાયણદેવ હાજરા હજૂર છે એની પ્રતિતી ૨ લાખ લોકોને થઈ હતી.

આપણા સંપ્રદાયના સુપ્રસિધ્ધ વિદ્વાન કથાકાર પૂજ્ય રામ સ્વામી અદ્ભુત સભા સંચાલનનો દોર સંભાળતા હતા. સૌ પ્રથમ આપણા મુખ્ય મંત્રીશ્રીએ આ પ્રસંગમાં પોતાને આવવાનું આમંત્રણ મળ્યું તેને પોતે ભાગ્યશાળી માનતા આપણા આ પ્રસંગને ખૂબજ પ્રસન્ન ચિત્તે માણ્યો હતો. ભુજ મંદિરના પૂ. મહંત સ્વામી પુરાણી સ્વામી ધર્મનંદનદાસજીએ સુંદર મજાના આશીર્વાદ આપ્યા હતા. ત્યારબાદ કાલુપુર મંદિરના પૂજય મહંત સ.ગુ. શાસ્ત્રી સ્વામી પુરૂષોત્તમપ્રકાશદાસજીના સુંદર મનનીય આશીર્વાદ પ્રવચનમાં પ.પૂ. લાલજી મહારાજશ્રીના સંકલ્પથી આવો ભવ્યાતિ ભવ્ય શાકોત્સવ ઉજવાયો તેમાં યજમાન હરિભક્તો અને સ્વયં સેવકભાઈઓ બહેનોની સેવાને બિરદાવી હતી. ૪૩૦૦ જેટલા આપણા સ્વયંસેવકો ખડે પગે સેવા બજાવતા હતા. તેમાં વિશેષ તો છેલ્લા એક મહિનાથી રાત-દિવસ સેવા કરતા ભાઈ-બહેનોની સેવાને ખૂબ બિરાદાવી હતી. બહેનોની સભામાં પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રી, પ.પૂ.અ.સૌ. મોટા ગાદીવાળાશ્રી અને પૂજ્ય શ્રીરાજા બિરાજમાન થઈ લાખો બહેનોને દર્શનનું મહાસુખ આપતા હતા. છેલ્લે પ.પૂ. મોટા મહારાજશ્રી, પ.પૂ. લાલજી મહારાજશ્રી અને પ.પૂ. મહારાજશ્રીએ સૌ પૂજનીય સંતો અને લાખો ભક્તોને રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. ''પર્વ''ના વિશાળ ગ્રાઉન્ડમાં નીચે સુંદર કારપેટવાળા ભોજનાલયમાં લાઈવ અડદીયો, બાજરાના રોટલા, કઢી, અલૌકિક શાક, સંભારો, ગોળ, છાસ આદિ વિવિધ વાનગીઓનો મહાપ્રસાદ ૧ લાખથી વિશેષ ધર્મપ્રેમી જનોએ આરોગ્યો હતો. આટલી લાખોની જનમેદનીમાં સૌ ક્રમબધ્ધ પ્રસાદ લેતા હતા. અહીં સુંદર શિસ્તબધ્ધ અને વિવેકપૂર્ણ વ્યવસ્થાના દર્શન સૌને થયા હતા. આજ આપણા શ્રી નરનારાયણદેવ દેશ અને સંપ્રદાયની વિશેષતા છે. છેલ્લે રાત્રે ૮ થી ૧૦ આપણા સુપ્રસિધ્ધ ગાયક કલાકાર શ્રી પૂરવ પટેલ અને તેમની કલાકાર ટીમે રાસ ગરબાની રમઝટ બોલાવી હતી.

(કોઠારી શા.સ્વા. નારાયણમુનિદાસ)

### એક બાળકે ભેગી કરેલી બચત શાકોત્સવમાં ભેટ ધરી ત્યારે પૂ. મહારાજશ્રી બોલ્યા હવે શાકોત્સવ પરિપૂર્ણ થયો

આપણા આ ભવ્ય શાકોત્સવમાં એક બાળક જેનું નામ રૂદ્ર આશિષભાઈ ભાવસાર છે. જે સરસપુર અમદાવાદમાં રહે છે. તે બાળકે પોતાની ભેગી કરેલી બચતના તમામ રૂપિયા રૂા. ૮,000/- (અંકે રૂપિયા આઠ હજાર) શાકોત્સવમાં અર્પણ કર્યા ત્યારે જેમ શ્રીહરિ ગઢપુરમાં મંદિર કરતા હતાં ત્યારે એક વિપ્રે માથે બાંધેલી સાવ તૂટેલી ફાટેલી પાઘડીમાંથી એક રૂપિયો કાઢીને મહારાજને આપ્યો ત્યારે મહારાજે કહ્યું આ રૂપિયાથી તમે નવી પાઘડી લઈ લેજો. ત્યારે તેમણે કહ્યું પાઘડી તો ફરીવાર આવશે પણ આપના મંદિરમાં આવો સેવાનો મોકો ફરી ક્યારે મળવાનો છે. ત્યારે શ્રીહરિ કહે હવે આપણું મંદિર પુરું થઈ ગયું સમજો. એમ પ.પૂ. મહારાજશ્રીએ બાળકની આ સેવાથી કહ્યું કે આપણો આ શાકોત્સવ હવે સાંગોપાંગ પરિપૂર્ણ થયો.

### બાલવા ગામે કથા પારાયણ-શાકોત્સવ

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તેમજ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી અને પ.પૂ. લાલજી મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તથા સ.ગુ. પૂ. મહંત શાસ્ત્રી સ્વામી પુરૂષોત્તમપ્રકાશદાસજી (કાલુપુર)ની પ્રેરણાથી બાલવા ગામે તા. ૮ થી ૧૨ જાન્યુ. ૨૦૨૪ પર્યન્ત શ્રીમદ્ ભાગવત પંચાન્હ પારાયણ પ.ભ. ચૌધરી રામાભાઈ મોતીભાઈ (મદ્રાસી) પરિવારના યજમાન પદે સંપ્રદાયના સુપ્રસિધ્ધ કથાકાર પૂ. સ.ગુ. શાસ્ત્રી સ્વામી રામકૃષ્ણદાસજીના વક્તાપદે ધામધૂમથી સંપન્ન થઈ હતી. પૂર્ણાહુતિ પ્રસંગે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી અને બહેનોના ગુરુ પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રી બહેનોને દર્શન આશીર્વાદનું સુખ આપવા પધાર્યા હતા. પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે કથાની પૂર્ણાહુતિની આરતી અને ભવ્ય શાકોત્સવનો અલૌકિક વઘાર થયો હતો. આખું ગામ અને આજુબાજુના ગામના હરિભક્તોથી આખો સભા મંડપ

ભરાઈ ગયો હતો. પૂર્ણાહુતિના દિવસે અમદાવાદ મંદિરના પૂજ્ય મહંત સ્વામી આદિ સંત મંડળના પ્રાસંગિક પ્રવચન બાદ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. યજમાન પરિવારના ચૌધરી મહેન્દ્રભાઈ રામાભાઈ, ચૌધરી નારાયણભાઈ રામાભાઈ, ચૌધરી બળદેવભાઈ રામાભાઈ અને ચૌધરી ભરતભાઈ રામાભાઈ આદિએ અલૌકિક લાભ લીધો હતો. સભા સંચાલન ઉનાવા મંદિરના મહંત દેવ સ્વામીએ સંભાળ્યું હતું. શ્રીનરનારાયણદેવ યુવક મંડળે પ્રેરણારૂપ સેવા કરી હતી. (વસંતભાઈ એમ. ચૌધરી)

**શ્રી સહજાનંદ ગુરુકુળ પ્રાર્થના મંદિર કોટેશ્વર ૭ મો વાર્ષિક પાટોત્સવ**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તેમજ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તથા પૂ. મહંત શાસ્ત્રી સ્વામી પુરૂષોત્તમપ્રકાશદાસજી (કાલુપુર મંદિર)ની પ્રેરણાથી તથા પૂ. સ.ગુ. શા. સ્વા. રામકૃષ્ણદાસજી (કોટેશ્વર)ના સુંદર માર્ગદર્શનથી, શ્રી સહજાનંદ ગુરુકુળ પ્રાર્થના મંદિર પરિવાર તથા સમસ્ત પાટીદાર સમાજ કોટેશ્વરના યજમાનપદે તા. ૧૬ થી ૨૦ જાન્યુઆરી ૨૦૨૪ પર્યન્ત રાત્રીય શ્રીમદ્ સત્સંગિભૂષણ પંચાન્હ પારાયણ સ.ગુ. શા. સ્વામી શ્રી સત્યસંકલ્પદાસજીના વક્તાપદે સંપન્ન થઈ હતી. કથામાં આવતા પ્રસંગો-શ્રીહરિ જન્મોત્સવ આદિ ધામધૂમથી ઉજવાયા હતા. ઠાકોરજી સમક્ષ મહાપૂજા અન્નકૂટ આદિ થયા હતા. સભા સંચાલન કોઠારી શા.સ્વા. નારાયણમુનિદાસજીએ શોભાવ્યું હતું. (કોઠારી સ્વામી કાલુપુર મંદિર)

**નિકોલ અમદાવાદમાં શ્રીમદ્ ભાગવત સપ્તાહ પારાયણ**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તેમજ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી અને પ.પૂ. લાલજી મહારાજશ્રીના આશીર્વાદથી તેમજ અમદાવાદ મંદિરના પૂ. મહંત સ.ગુ. શા.સ્વા. શ્રી પુરૂષોત્તમપ્રકાશદાસજીની પ્રેરણાથી શ્રી અમિતકુમાર પ્રાગજીભાઈ તળાવિયા પરિવાર આયોજીત તા. ૯-૧-૨૦૨૪ થી તા. ૧૨-૧-૨૦૨૪ પર્યન્ત શ્રીમદ્ ભાગવત પારાયણ સ.ગુ. શા.સ્વા. યજ્ઞપ્રકાશદાસજી (કલોલ મંદિર મહંતશ્રી)ના વક્તાપદે થઈ હતી. સુંદર ભાગવત કથામૃતપાન કરી યજમાન પરિવાર અને શ્રોતાઓ ધન્ય ધન્ય બન્યા હતા. સમગ્ર કથાનું સભા સંચાલન સ.ગુ. શા.સ્વા. વ્રજભૂષણદાસજી (ગાંધીનગર સે-૨ મહંતશ્રી)એ શોભાવ્યું હતું. (મહંત સ્વામી ગાંધીનગર સે-૨)

**શ્રી સ્વામિનારાયણ મંદિર એપ્રોચ (બાપુનગર)માં ધનુર્માસમાં ૧૧ કલાકની ધૂન**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તેમજ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા સહ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી, પૂ. મહંત સ્વામી સ.ગુ. શા. સ્વામી શ્રી પુરૂષોત્તમપ્રકાશદાસજી (કાલુપુર)ની પ્રેરણાથી અને અત્રે મંદિરના મહંત શા. સ્વા. દિવ્યપ્રકાશદાસજીના સુંદર માર્ગદર્શનથી તા. ૭-૧-૨૪ એકાદશીના શ્રી સ્વામિનારાયણ મહામંત્ર પ્રાગટ્ય દિને પ.ભ. અરવિંદભાઈ દોંગા પરિવારના યજમાનપદે ૧૧ કલાકની અખંડ મહામંત્ર ધૂન કરવામાં આવી હતી. પૂર્ણાહુતિ પ્રસંગે અમદાવાદ મંદિરના પૂ. મહંત સ્વામી સહ અન્ય પૂજનીય સંતોએ ધૂનનો મહિમા સાથે યજમાન પરિવારને આશીર્વાદ પાઠવ્યા હતા. ધનુર્માસ આખો સવારમાં ધૂન કરવામાં આવી હતી. ૪૮૦ જેટલા હરિભક્તોએ આખા માસની અને દૈનિક ધૂન અને ૧૫ દિવસના ધૂનના યજમાન બની હરિભક્તોએ સુંદર લાભ લીધો હતો.

(ગોરધનભાઈ સીતાપરા)

**હર્ષદ કોલોની (બાપુનગર) મંદિરમાં શાકોત્સવ-ધનુર્માસ ધૂન**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તેમજ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા સહ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તથા પૂ. મહંત સ્વામી સ.ગુ. શા. સ્વામી પુરુષોત્તમપ્રકાશદાસજી (કાલુપુર)ની પ્રેરણાથી, પૂ. મહંત શા. સ્વામી વ્રજભૂષણદાસજી (ગાંધીનગર)ના માર્ગદર્શનથી તથા પ.ભ. દાસભાઈની રાહબરી હેઠળ - શ્રી નરનારાયણદેવ યુવકમંડળના સહયોગથી તા. ૧૩-૧-૨૦૨૪ ના રોજ અત્રે ભવ્ય શાકોત્સવ ઉજવાયો. સાથે ધૂન અને સત્સંગ સભા થઈ હતી. સંત મંડળના પ્રાસંગિક પ્રવચન બાદ પૂ. મહંત સ્વામી શા. સ્વા. પુરુષોત્તમપ્રકાશદાસજી (કાલુપુર)એ સૌ હરિભક્તોને પ્રેરણારૂપ આશીર્વાદ પાઠવ્યા હતા. આખો ધનુર્માસ ધૂન કરવામાં આવી હતી.

(ગોરધનભાઈ સીતાપરા)

**ગોમતીપુર શ્રી સ્વામિનારાયણ મંદિરમાં ધનુર્માસ ધૂન**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તેમજ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તેમજ અમદાવાદ મંદિરના પૂ. મહંત સ.ગુ. શા.સ્વા. પુરૂષોત્તમપ્રકાશદાસજીની પ્રેરણાથી ગોમતીપુર શ્રી સ્વામિનારાયણ મંદિરમાં ધનુર્માસમાં સૌ હરિભક્તોએ સાથે મળી આખો માસ શ્રી સ્વામિનારાયણ મહામંત્ર ધૂન કરી હતી. (કોઠારી મુકેશભાઈ)

**દેલમાલ ગામે સત્સંગ સભા**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તેમજ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તેમજ જેતલપુર ધામના પૂ. મહંત સ.ગુ. શા. સ્વામી આત્મપ્રકાશદાસજી તથા પૂ. સ.ગુ. શા.સ્વા. પુરૂષોત્તમપ્રકાશદાસજીની પ્રેરણાથી દેલમાલ ગામે તા. ૪-૧-૨૪ ના રોજ મહેસાણા મંદિરના મહંત સ.ગુ. સ્વા. નારાયણપ્રસાદદાસજી સંત મંડળ સાથે પધારી કથાવાર્તા-ધૂન ભજન કીર્તન કરી સૌ હરિભક્તોને ખૂબ રાજી કર્યા હતા. સંતોના આવા સુંદર પ્રયાસથી હરિભક્તો ખૂબ ભાવ વિભોર થયા હતા. (કોઠારીશ્રી દેલમાલ)

**ધિણોજ ગામે સત્સંગ સભા-શાકોત્સવ**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તેમજ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તથા મહેસાણા મંદિરના મહંત

સ્વામી સ.ગુ. નારાયણપ્રસાદદાસજીના સુંદર આયોજનથી શ્રી સ્વામિનારાયણ મંદિર ધિણોજ ખાતે સુંદર સત્સંગ સભા અને શાકોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે જેતલપુર મંદિરથી પૂ. સ.ગુ. શા. સ્વામી પુરૂષોત્તમપ્રકાશદાસજીએ સંત મંડળ સાથે પધારી કથા વાર્તાનો સુંદર લાભ આપ્યો હતો.

(કોઠારીશ્રી જસવંતભાઈ દવે)

**મહેસાણા શ્રી સ્વામિનારાયણ મંદિરમાં ભવ્ય શાકોત્સવ-સત્સંગ સભા**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તેમજ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તેમજ જેતલપુર ધામના પૂ. મહંત સ.ગુ. શા. સ્વામી આત્મપ્રકાશદાસજી તથા પૂ. સ.ગુ. શા.સ્વા. પુરૂષોત્તમપ્રકાશદાસજીની પ્રેરણાથી તા. ૩૧-૧૨-૨૩ રવિવારના રોજ અત્રે શ્રી સ્વામિનારાયણ મંદિરમાં ભવ્ય શાકોત્સવ ઉજવાયો. આ પ્રસંગે જેતલપુરધામથી પૂ. સ.ગુ. શા. સ્વામી પુરૂષોત્તમપ્રકાશદાસજીએ પધારીને કથા વાર્તાનો સુંદર લાભ આપ્યો હતો. મહેસણા, કરશનપુરા, મોટપ, ખેરવા, ચાણસ્મા આદિ ગામોના પાંચ હજાર જેટલા હરિભક્તોએ કથા વાર્તાનું પાન કરી શાકોત્સવને માણ્યો હતો. સમગ્ર પ્રસંગમાં અત્રે મંદિરના મહંત સ્વામી સ.ગુ. નારાયણપ્રસાદદાસજી અને મહેસાણા સત્સંગ સમાજે સુંદર આયોજન કર્યું હતું. શાકોત્સવના યજમાન પ.ભ.શ્રી જી.કે. પટેલ પરિવારે (કાલુપુર મંદિર ટ્રસ્ટીશ્રી) લાભ લીધો હતો.

(કોઠારી હિતેન્દ્રસિંહ રાઓલ - મહેસાણા)

**શ્રી સ્વામિનારાયણ મંદિર ટ્રેન્ટ શાકોત્સવ ઉજવાયો**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તેમજ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી ટ્રેન્ટ ગામે શ્રી સ્વામિનારાયણ મંદિરમાં ભવ્ય શાકોત્સવનું સુંદર આયોજન પૂ. સ.ગુ. મહંત શાસ્ત્રી સ્વામી આત્મપ્રકાશદાસજી, પૂજ્ય સ્વામી શ્યામચરણદાસજી, બ્ર. સ્વા. હરિસ્વરૂપાનંદજી (કાંકરિયા) મહંત શા. સ્વા. ચંદ્રપ્રકાશદાસજી (બાવળા) આદિ સંત મંડળે પધારીને કથા વાર્તા કરીને શાકોત્સવનો વધાર કરી હરિભક્તોને સુંદર લાભ આપ્યો હતો.

(કોઠારીશ્રી જગદીશભાઈ મણીલાલ પટેલ)

**શ્રી સ્વામિનારાયણ મંદિર બામણવા શાકોત્સવ**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તેમજ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી અત્રે બામણવા ગામે ભવ્ય શાકોત્સવ ઉજવાયો. આ પ્રસંગે જેતલપુરધામથી પૂ. મહંત સ.ગુ. શા. સ્વા. પુરૂષોત્તમપ્રકાશદાસજી, બ્ર.સ્વા. હરિસ્વરૂપાનંદજી (ટ્રસ્ટીશ્રી કાલુપુર), સ્વામી ભક્તિચરણદાસજી આદિ સંત મંડળે કથા વાર્તા કરી શાકોત્સવનો વધાર કરી હરિભક્તોને સુંદર લાભ આપ્યો હતો. શાકોત્સવના મુખ્ય યજમાન પ.ભ. સુરેશભાઈ મૂળજીભાઈ પટેલ પરિવાર રહ્યા હતા.

(દિનેશભાઈ મૂળજીભાઈ પટેલ)

**શ્રી સ્વામિનારાયણ મંદિર ડેડીયાસણ શાકોત્સવ**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તેમજ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી ડેડીયાસણ શ્રી સ્વામિનારાયણ મંદિરમાં પ.ભ. ભીખાભાઈ દાનાભાઈ મોરી તથા પ.ભ. દેવાભાઈ ભીખાભાઈ મોરીના યજમાનપદે સુંદર ભવ્ય શાકોત્સવનું આયોજન થયું હતું. આ પ્રસંગે જેતલપુર મંદિરના પૂ. મહંત સ.ગુ. શા.સ્વા. આત્મપ્રકાશદાસજી, બ્ર.સ્વા. હરિસ્વરૂપાનંદજી, નંદ કિશોર સ્વામી, સ્વા. ચંદ્રપ્રકાશદાસજી અને સ્વામી ભક્તિચરણદાસજી આદિ સંતોએ શાકનો વધાર કરી કથા વાર્તાનો સુંદર લાભ આપી હરિભક્તોને રાજી કર્યા હતા. (મહંત સ્વામી કૃષ્ણપ્રકાશદાસજી - જેતલપુરધામ)

**શ્રી સ્વામિનારાયણ મંદિર કાલીયાણા શાકોત્સવ**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તેમજ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી અત્રે કાલીયાણા ગામે શ્રી સ્વામિનારાયણ મંદિરમાં પૂ. સ.ગુ. શા. સ્વા. પુરૂષોત્તમપ્રકાશદાસજી (જેતલપુરધામ) અને સ્વામી ભક્તિચરણદાસજી આદિ સંત મંડળે ગામના સૌ હરિભક્તોને કથા-વાર્તા-ધૂન-કીર્તન કરી સુંદર ભવ્ય શાકોત્સવ ઉજવ્યો હતો. જેમાં ગામના નાના મોટા દરેક હરિભક્તોએ લાભ લીધો હતો. (મહંત સ્વા. કૃષ્ણપ્રકાશદાસજી - જેતલપુરધામ)

**શ્રી સ્વામિનારાયણ મંદિર વિરમગામ શાકોત્સવ**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તેમજ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી વિરમગામ શ્રી સ્વામિનારાયણ મંદિર ખાતે ભવ્ય શાકોત્સવ ઉજવાયો. આ પ્રસંગે જેતલપુર ધામથી પૂ. મહંત સ.ગુ. શા. સ્વામી આત્મપ્રકાશદાસજી અને સ્વા. ભક્તિચરણદાસજી આદિ સંત મંડળે પધારીને કથાવાર્તા ધૂન-ભજન કીર્તન કરી સુંદર શાકોત્સવનો વધાર કરી ભવ્ય રીતે શાકોત્સવ ઉજવ્યો હતો.

(મહંત સ્વા. કૃષ્ણપ્રકાશદાસજી - જેતલપુરધામ)

**શ્રી સ્વામિનારાયણ મંદિર માંડલ શાકોત્સવ**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તેમજ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી શ્રી સ્વામિનારાયણ મંદિર માંડલ ખાતે પૂ. સ.ગુ. શા.સ્વા. પુરૂષોત્તમપ્રકાશદાસજી (જેતલપુરધામ), બ્ર. સ્વા. હરિસ્વરૂપાનંદજી (ટ્રસ્ટીશ્રી કાલુપુર), અખંડ સ્વામી (નારણપુરા), ભક્તિચરણ સ્વામી (ગઢડા), મહંત સ્વામી ચંદ્રપ્રકાશદાસજી (બાવળા), સ્વા. વિશ્વપ્રકાશદાસજી (મથુરા મહંતશ્રી) આદિ સંત મંડળે અત્રે મંદિરમાં ભવ્ય શાકોત્સવ કરી કથા વાર્તાનો સુંદર લાભ આપ્યો હતો. પાટડીથી સાં. શાંતાબા, હંસાબા, રંજનબા આદિ સાંખ્યયોગી બહેનોએ હરિભક્ત બહેનોને કથા વાર્તાનો લાભ આપ્યો હતો. (મુકેશભાઈ ભગવાનદાસ પટેલ)

### બાલાસિનોર ગામે શાકોત્સવ

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તેમજ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તથા જેતલપુરધામના પૂ. મહંત સ.ગુ. શા. સ્વામી આત્મપ્રકાશદાસજી તથા પૂ. સ.ગુ. શા.સ્વા. પુરૂષોત્તમપ્રકાશદાસજીની પ્રેરણાથી બાલાસિનોર શ્રી સ્વામિનારાયણ મંદિરમાં સંત-હરિભક્તોએ સાથે મળી ભવ્ય શાકોત્સવ ઉજવ્યો હતો. જેતલપુરધામથી પૂ. મહંત કે.પી. સ્વામી, નારાયણપુરા મંદિરથી મહંતશ્રી વિશ્વપ્રકાશદાસજી, બ્ર. સ્વા. હરિસ્વરૂપાનંદજી આદિ સંત મંડળે કથા વાર્તા કરી હરિભક્તોને રાજી કર્યા હતા.

(સ્વા. કૃષ્ણપ્રકાશદાસજી - જેતલપુર મહંતશ્રી)

### ઈશ્વરપુરા ગામે (બદપુરા) શ્રીમદ્ ભાગવત પારાયણ શાકોત્સવ

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તેમજ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી અને અમદાવાદ મંદિરના પૂ. મહંત સ્વામી સ.ગુ. શાસ્ત્રી સ્વામી પુરૂષોત્તમપ્રકાશદાસજીની પ્રેરણાથી ઈશ્વરપુરા (બદપુરા) ગામે પ.ભ. ગોવિંદભાઈ વેલાભાઈ કાનાભાઈ ચૌધરી, અ.સૌ. રમીલાબેન ગોવિંદભાઈ વેલાભાઈ ચૌધરી પરિવારના યજમાન પદે અ.નિ. હિરાબા વેલાભાઈ ચૌધરી, અ.નિ. વેલાભાઈ કાનાભાઈ ચૌધરીના સ્મરણાર્થે તા. ૨-૧-૨૦૨૪ થી તા. ૬-૧-૨૦૨૪ પર્યન્ત સંપ્રદાયના સુપ્રસિધ્ધ વક્તા કથાકાર પૂજ્ય સ.ગુ. શાસ્ત્રી સ્વામી શ્રી રામકૃષ્ણદાસજી (કોટેશ્વર)ના વક્તાપદે શ્રીમદ્ ભાગવત પારાયણ અને ભવ્ય શાકોત્સવ ધામધૂમથી સંપન્ન થયા.

સમગ્ર ગામના અને આજુબાજુના ગામના ધર્મપ્રેમી જનોએ શ્રીમદ્ ભાગવતનું કથા શ્રવણ કરી ખૂબજ ધન્યભાગી થયા હતા.

તા. ૬-૧-૨૦૨૪ ના રોજ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી પધાર્યા ત્યારે સમસ્ત ગામે ભવ્ય સ્વાગત સામૈયું કર્યું હતું. પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ અત્રે નિજ મંદિરમાં આરતી, દર્શન કરી સભામાં પધારીને કથાની પૂર્ણાહુતિની આરતી ઉતારી હતી. ત્યારબાદ શાકોત્સવનો વઘાર કરીને સભામાં પધાર્યા હતા.

પ્રાસંગિક સભામાં કાલુપુર મંદિરના પૂ. મહંત સ.ગુ. શાસ્ત્રી સ્વામી પુરૂષોત્તમપ્રકાશદાસજીએ યજમાન પરિવાર અને ગામના સર્વે હરિભક્તોને દેવ અને ધર્મકુળની નિષ્ઠા વધુને વધુ દ્રઢ થાય તેવું પ્રેરણાત્મક ઉદ્‌બોધન કર્યું હતું. છેલ્લે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ યજમાન પરિવાર અને સમસ્ત ગામને રૂડા આશીર્વાદ પાઠવી ખૂબ રાજી થયા હતા. ધામોધામથી સંતો પણ પધાર્યા હતા. સમગ્ર પ્રસંગનું સભા સંચાલન ઉનાવા મંદિરના મહંત દેવ સ્વામીએ સંભાળ્યું હતું.

(કોઠારીશ્રી - ઈશ્વરપુરા)

## મૂળી પ્રદેશના સત્સંગ સમાચાર

### શ્રી સ્વામિનારાયણ મંદિર ધ્રાંગધ્રા (બહેનોનું) શાકોત્સવ

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તેમજ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તેમજ પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રીની પ્રેરણા આશીર્વાદથી ધ્રાંગધ્રા ખાતે શ્રી નરનારાયણદેવ તાબાના બહેનોના શ્રી સ્વામિનારાયણ મંદિરમાં તા. ૧૧-૧-૨૦૨૪ ના રોજ ભવ્ય શાકોત્સવ ઉજવાયો. અત્રે મંદિરમાં સેવા પૂજા કરતા સાં. કંચનબા આદિ બહેનોએ સુંદર વ્યવસ્થા કરી હતી. અત્રે મંદિરમાં ૫ માં પાટોત્સવ નિમિત્તે ૫૦૦ કલાકની શ્રી સ્વામિનારાયણ મહામંત્ર ધૂન કરવામાં આવી હતી. આજુબાજુના ૧૦ જેટલા ગામોની બહેનોએ લાભ લીધો હતો. (અનિલભાઈ દૂધરેજીયા)

### શ્રી સ્વામિનારાયણ મંદિર વાંકાનેર શાકોત્સવ

પૂર્ણ પુરૂષોત્તમ સ્વામિનારાયણ ભગવાનની અસીમ કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી વાંકાનેર સ્વામિનારાયણ મંદિરમાં ભવ્ય શાકોત્સવનું આયોજન તા. ૬-૧-૨૪ ના રોજ થયું હતું. જેના યજમાનપદે પ.ભ. કિરીટસિંહ નટવરસિંહ જાડેજા સાહેબ પરિવારે લાભ લીધો હતો. આ પ્રસંગે હરિભક્તો એ ધૂન કીર્તનની રમઝટ બોલાવી હતી. શાસ્ત્રી સ્વામી સૂર્યપ્રકાશદાસજીએ શાકોત્સવનો મહિમા સમજાવતાં કહ્યું કે લોયામાં શાકોત્સવ વખતે સ્વામિનારાયણ ભગવાને જે ''રાધાકૃષ્ણદેવ''ની મૂર્તિનો અભિષેક, પૂજન, આરતી વિગેરે કરેલ તે પ્રસાદીની મૂર્તિ આપણા મૂળી મંદિરમાં મધ્ય ખંડમાં બિરાજીને દર્શન આપે છે. તે મૂર્તિના દર્શનનો લાભ આપણને મળે છે. આ પ્રસંગે યુવાન સત્સંગીઓએ ખૂબજ સારી સેવા બજાવી હતી.

(જે.કે. સ્વામી - વાંકાનેર)

### શ્રી સ્વામિનારાયણ મંદિર લીલાપુર (ચંદ્રગઢ) મૂર્તિ પ્રતિષ્ઠા

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી મૂળી પ્રદેશના લીલાપુર (ચંદ્રગઢ) ગામે નૂતન શ્રી સ્વામિનારાયણ મંદિરમાં મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ ધામધૂમથી ઉજવાયો. આ પ્રસંગના ઉપલક્ષમાં તા. ૧૪-૧-૨૦૨૪ થી તા. ૧૮-૧-૨૦૨૪ પર્યન્ત પૂ. અ.નિ. સ.ગુ. સ્વામીશ્રી વિજ્ઞાનદાસજીના સંત મંડળે પંચ દિનાત્મક કથા પારાયણ કરી હરિભક્તોને સુંદર લાભ આપ્યો હતો.

તા. ૧૮-૧-૨૦૨૪ ના રોજ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી પધાર્યા હતા. તેઓશ્રીના વરદ હસ્તે નૂતન મંદિરમાં ઠાકોરજીની પ્રાણ પ્રતિષ્ઠા વિધિવત રીતે થઈ હતી. બહેનોને દર્શન-આશીર્વાદ આપવા પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રી પધાર્યા હતા અને ઘણી બહેનોને ગુરુ મંત્ર દીક્ષા આપી હતી. સમગ્ર ગામ ઉપર રાજી થઈ પ.પૂ. મહારાજશ્રીએ રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. સમગ્ર આયોજન સ.ગુ. શાસ્ત્રી સ્વામી ભક્તિહરિદાસજીએ કર્યું હતું. (અનિલ દૂધરેજીયા)

## અમદાવાદ મંદિરમાં શ્રી ઠાકોરજીને થાળ તથા સંત-વર્ણી પાર્ષદોને રસોઈ આપનારની યાદી

**માગસર સુદ-૧** પ.ભ. કુરજી લાલજી રાબડીયા (રામપર-વેકરા-કચ્છ), પ.ભ. ચૌધરી જયંતીભાઈ બાબુભાઈ (બાપુપુરા). **માગસર સુદ-૨** પ.ભ. ડૉ. ટવિંકલબેન શૈલેષભાઈ પટેલ (ગાંધીનગર), પ.ભ. મનહરભાઈ માધાભાઈ કથીરીયા (બાપુનગર), પ.ભ. ઘનશ્યામભાઈ દલસુખભાઈ પટેલ (કરજીસણ), **માગસર સુદ-૩** પ.ભ. અલ્પેશભાઈ મનુભાઈ પટેલ (મુબારકપુરા). **માગસર સુદ-૪** પ.ભ. ડાહ્યાભાઈ મગનદાસ પટેલ (આંબલીયાસણ), પ.ભ. મિતેન અશોકભાઈ પટેલ (નિકોલ), પ.ભ. નિષ્કા જીનલ પટેલ (અમદાવાદ). **માગસર સુદ-૫** શ્રી સ્વામિનારાયણ મંદિર (ઉમરેઠ), પ.ભ. કમલેશભાઈ પટેલ (અમદાવાદ), પ.ભ. ભીખાભાઈ પોપટભાઈ પટેલ (અમદાવાદ), પ.ભ. ઉત્સવ રમેશભાઈ પટેલ (અમદાવાદ), પ.ભ. તેજેસભાઈ ચંદુભાઈ વોરા (અમદાવાદ), પ.ભ. ધર્મેન્દ્રભાઈ સવજીભાઈ ઠોરીયા (અમદાવાદ), પ.ભ. જીતેન્દ્રભાઈ મનજીભાઈ વેકરીયા (બળદીયા-કચ્છ). **માગસર સુદ-૬** પ.ભ. વેલાજી બાપુજી ચૌધરી (બાલવા), પ.ભ. ગજેન્દ્ર જગદીશભાઈ પટેલ (માણેકપુર). **માગસર સુદ-૭** પ.ભ. મોહનલાલ જાદવજી છભાડીયા (માંડવી-કચ્છ), પ.ભ. ચિનુભાઈ રામજીભાઈ ચૌધરી (માણેકપુર). **માગસર સુદ-૮** અ.નિ. ધનબાઈ ધનજી હરસીયાણી (કેરા-કચ્છ). **માગસર સુદ-૯** પ.ભ. યોગેશભાઈ વિઠ્ઠલભાઈ પટેલ (વડોદરા), પ.ભ. ગીરીશભાઈ પરસોતમભાઈ પટેલ (ગાંધીનગર), પ.ભ. હિરલબેન અમરકુમાર પટેલ (અમદાવાદ). **માગસર સુદ-૧૦** પ.ભ. જગદીશભાઈ પૂનમચંદ પટેલ (દેઉસણા), પ.ભ. હિતેશભાઈ રતીલાલભાઈ પટેલ (અમદાવાદ), પ.ભ. મનીષભાઈ હિંમતભાઈ લક્કડ (થલતેજ). **માગસર સુદ-૧૧** પ.ભ. દિવ્યેશ ગોવિંદભાઈ ભંડેરી સહ પરિવાર (રામપર-વેકરા-કચ્છ), પ.ભ. નરેશભાઈ વાડીભાઈ ઠક્કર (અમદાવાદ). **માગસર સુદ-૧૨/૧૩** પ.ભ. અરવિંદભાઈ રમણલાલ પટેલ (રનેલા), પ.ભ. ડૉ. સતીષ શાહ (અમેરિકા), પ.ભ. હરેશભાઈ ભીખાભાઈ ભાવસાર (અમદાવાદ), પ.ભ. ઉદયકુમાર કાનજીભાઈ ટાંક (અમદાવાદ), પ.ભ. હિરેનભાઈ મુકુન્દભાઈ પટેલ (ધનસુરા), પ.ભ. મનજી શિવજી હિરાણી (નારાયણપર-કચ્છ), પ.ભ. નગીનદાસ રાણા, પ.ભ. આનંદીબેન ત્રિભોવનદાસ પટેલ (આજોલ), પ.ભ. હિંમતભાઈ વશરામભાઈ લક્કડ (થલતેજ), અ.નિ. વિજયકુમાર અમૃતલાલ પટેલ (કોઠા), પ.ભ. ખુશીબેન પ્રબોધભાઈ બાવળીયા (અમદાવાદ), પ.ભ. અરૂણભાઈ જમનાદાસ લખતરીયા (અમદાવાદ), પ.ભ. વિનોદ ખીમજી ગાજપરીયા (બળદીયા-કચ્છ). **માગસર સુદ-૧૪** શ્રી સ્વામિનારાયણ મંદિર માણેકપુર (ઘનશ્યામનગર), પ.ભ. ભરતભાઈ વિઠ્ઠલભાઈ (અંબાપુર), પ.ભ. પૃથ્વી ભૂપેન્દ્રભાઈ હિરજી ભૂડિયા (કચ્છ). **માગસર સુદ-૧૫** અ.નિ. શાંતાબેન નાગજીભાઈ ટાંક (મુંબઈ), પ.ભ. ગોમતીબેન ગોપાળભાઈ પટેલ (અમેરિકા).

**માગસર વદ-૧** અ.નિ. નાનજીભાઈ રામજીભાઈ ગોગારી (ઉમરેઠ), પ.પૂ.સદ્. પુરાણી સ્વામી ભક્તિપ્રકાશદાસજી (મેમનગર ગુરુકુળ), અ.નિ. શાંતાબેન મોહનલાલ પટેલ (ઉંઝા), પ.ભ. મયંકભાઈ કામદાર (પોરબંદર). **માગસર વદ-૨** પ.ભ. જયેશભાઈ હેમચંદભાઈ સોની (અમદાવાદ), અ.નિ. સિલ્કી બિન્દેશ પટેલ (ગાંધીનગર). **માગસર વદ-૩** નિરામય આંખની હોસ્પિટલ (અમદાવાદ), અ.નિ. રાધાબેન રવજી વેકરીયા (માંડવી-કચ્છ). **માગસર વદ-૪** પ.ભ. રવિભાઈ શિવજી હાલાઈ (દહીંસરા-કચ્છ), પ.ભ. યોગેશકુમાર રાવજીભાઈ પટેલ (ઝુંડાલ), પ.ભ. નાથીબેન મંગળભાઈ પટેલ (અંબાપુર), પ.ભ. હરિલાલ કલ્યાણ કાનજી (દહીંસરા-કચ્છ), અ.નિ. કુમુદબેન કાંતિલાલ દાણી (અમદાવાદ), પ.ભ. અમિતાબેન કાંતિલાલ પટેલ (બોપલ), પ.ભ. વાલીબેન વાલજીભાઈ પરમાર (રતનપર), શ્રી સ્વામિનારાયણ મંદિર (રાણીપ), પ.ભ. શારદાબેન ચિમનભાઈ પટેલ (મુબારપુર), પ.ભ. દાનાભાઈ કોયાભાઈ પટેલ (મોટા ધરોડા), પ.ભ. ચૌધરી રમેશભાઈ મસોતભાઈ (મકાખાડ), પ.ભ. શશીકાન્ત શંકરલાલ પટેલ (અમદાવાદ), પ.ભ. મોહન કાનજી વરસાણી (કચ્છ), અ.નિ. વિઠ્ઠલભાઈ કાનજીભાઈ વસોયા (બાપુનગર). **માગસર વદ-૫** પ.ભ. ગૌરવ પટેલ પરિવાર (વડોદરા), પ.ભ. ભાવેશ, પારૂલ, જાન્વી વસંતભાઈ પટેલ (અમદાવાદ), પ.ભ. શાંતાબેન જયંતિલાલ પટેલ (ઉંઝા), અ.નિ. વિદુલાબેન મહેન્દ્રભાઈ પટેલ (અમદાવાદ) **માગસર વદ-૬** પ.ભ. દિનેશભાઈ પી. મારૂ (રાજકોટ), પ.ભ. નાનજી રત્ના રાબડીયા (માંડવી-કચ્છ), પ.ભ. ધીરજભાઈ (ઈટારવા). **માગસર વદ-૭** અ.નિ. મનજી હરજી રામજી પિંડોરીયા (મિરજાપર-કચ્છ). **માગસર વદ-૮** પ.ભ. હરજી પ્રેમજી પિંડોરીયા (ગોધરા-કચ્છ), પ.ભ. પરસોતમભાઈ મોહનભાઈ પટેલ (લાલોડા). **માગસર વદ-૯** પ.ભ. કાંતા શામજી (ગોધરા-માંડવી-કચ્છ), પ.ભ. ઘનશ્યામકુમાર મુલચંદદાસ (ડાંગરવા), અ.નિ. વિજકોરબેન ભૂખણદાસ (સુરત), પ.ભ. રાકેશભાઈ ગોવિંદભાઈ પટેલ (વડુવાળા), સમસ્ત સત્સંગી બહેનો (અડાલજ), પ.ભ. જલ દિલીપકુમાર પટેલ (અમદાવાદ). **માગસર વદ-૧૦** અ.નિ. પ્રહલાદભાઈ પૂંજલદાસ (ડાંગરવા), અ.નિ. શકરીબેન પરસોતમદાસ પટેલ (અમદાવાદ), પ.ભ. ધનબાઈ લાલજી પ્રેમજી વેકરીયા (રામપર-કચ્છ), પ.ભ. અરવિંદભાઈ રણછોડભાઈ પટેલ (અમદાવાદ). **માગસર વદ-૧૧** પ.ભ. ઘનશ્યામભાઈ નારાયણદાસ પૂંજલદાસ (કરજીસણ), દેવકૃપા પરિવાર (અમદાવાદ), પ.ભ. સુરેશભાઈ અંબાલાલભાઈ પટેલ (ઝુંડાલ), પ.ભ. મનીષ નાનદાસભાઈ વરસાણી (માધાપર-કચ્છ). **માગસર વદ-૧૨** અ.નિ. અર્જુનસિંહ બદેસિંહ ઝાલા (અડવાળ), અ.નિ. રાધાબેન રવજી વેકરીયા (માંડવી-કચ્છ), પ.ભ. મનજી શિવજી હિરાણી (નારાયણપર-કચ્છ), પ.ભ. સુમિતાબેન દિલીપભાઈ પટેલ (અમદાવાદ), પ.ભ. હરિભાઈ ચતુરભાઈ પટેલ (અમદાવાદ), પ.ભ. રમીલાબેન અશોકભાઈ પટેલ (અમદાવાદ), અ.નિ. જનકભાઈ પટેલ (થલતેજ-અમદાવાદ), પ.ભ. શૈલેષભાઈ ભીખાભાઈ ભાવસાર (સરસપુર), અ.નિ. મહેશભાઈ ભીખાભાઈ પટેલ (ઝુંડાલ), અ.નિ. ઉજીબેન કાળુભાઈ નાકરાણી (હજીરાધાર), પ.ભ. રોનક રમેશભાઈ પટેલ (અમદાવાદ), અ.નિ. રૂખીબેન પરસોતમભાઈ પટેલ (માસીવાડા). **માગસર વદ-૧૩** પ.ભ. ઘનશ્યામભાઈ ઠક્કર (ગાંધીધામ-કચ્છ), પ.ભ. હિંમતભાઈ પટેલ (પલસાણા), પ.ભ. ઋતુબેન પ્રફુલભાઈ કાછડીયા (અમદાવાદ). **માગસર વદ-૧૪** પ.ભ. હરેશભાઈ જયંતિલાલ પટેલ (વડુ). **માગસર વદ-૩૦** અ.નિ. અરૂણાબેન ચંદ્રકાન્તભાઈ ગાંધી (વડોદરા), અ.નિ. દયાબેન ભગવાનદાસ દેપાલા (અમદાવાદ), પ.ભ. નાનજીભાઈ વિસરામભાઈ ગોરસીયા (સુખપર-કચ્છ).

Printed and Published by **Shastri Swami Purushottamprakashdasji** on behalf of **Shree Swaminarayan Temple** and **Published From :** Shree Swaminarayan Mandir Kalupur, Ahmedabad-380001. Printed at **Asian Printery,** Near Talati Hall, Raipur, Ahmedabad-380001.
**Editor :** Shastri Swami Purushottamprakashdasji





અમદાવાદ કાલુપુર મંદિરમાં પૂનમની નિયમિત સભામાં શ્રી હરિનાં ત્રણેય અપર સ્વરૂપોના દર્શન





માનસર (મૂળી પ્રદેશ) ગામે નૂતન મંદિરમાં મૂર્તિ પ્રતિષ્ઠા પ્રસંગે ઠાકોરજીની આરતી ઉતારતા તથા સભામાં વક્તાશ્રી સાથે પ.પૂ.આચાર્ય મહારાજશ્રી



શ્રી સ્વામિનારાયણ મંદિર, કોટેશ્વર ગુરૂકુળ (અમદાવાદ)નાં ૭માં પાટોત્સવ પ્રસંગે ઠાકોરજીના અન્નકૂટ દર્શન



સાસ્કાટન (કેનેડા) મંદિરમાં સત્સંગ સભા





વાનકુંવર (કેનેડા) મંદિરમાં શાકોત્સવ તથા સમૂહ મહાપૂજા

Registered under Postal Reg. No.GAMC 003, 2024-2026 Valid up to 24-2-2024 issued by SSPO's Ahmedabad City Division Permitted to Post at Ahmedabad PSO on 11th of Every Month
RNI N.o.of RNP is GUJGUJ-2007-20221



શ્રી નરનારાયણદેવ સમક્ષ સમસ્ત સત્સંગ વતી અયોધ્યા શ્રી રામ મંદિર પ્રતિષ્ઠા મહોત્સવની આમંત્રણ પત્રિકા  સ્વીકારતા પ.પૂ. આચાર્ય મહારાજશ્રી



ધનુર્માસમાં અમદાવાદ શહેરના તમામ વિસ્તારોમાંથી ભારે સંખ્યામાં હરિભક્તો પદયાત્રા કરી કાલુપુર મંદિર પહોચ્યાં ત્યારે પ.પૂ. આચાર્ય મહારાજશ્રીના આશીર્વાદ અને પ્રસાદ બન્ને પ્રાપ્ત થયા હતા.